RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 15, Issue : 1, Dt.12-03-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આલેલે...હવે સરકારી કચેરીઓમાં નકલી કર્મચારીઓનું કૌભાંડ!



## મિઝોરમની વિવિધ સરકારી કચેરીઓમાં નિયુકત કરાયેલા ૩૩૬૫ કર્મચારીઓએ પોતાના સ્થાનો પર અન્ય લોકોને કામે રાખ્યા!: રાજ્ય સરકારને સોંપવામાં આવેલા રિપોર્ટમાં ગેરરીતિનો થયો ખુલાસો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મિઝોરમની વિવિધ સરકારી કચેરીઓમાં ૩૩૬૫ કર્મચારીઓએ પોતાના સ્થાનો પર અન્ય લોકોને કામે રાખ્યા છે.ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોની સરકારી કચેરીઓમાં નકલી કર્મચારીઓનું કૌભાંડ વધારે પ્રમાણમાં જોવા મળ્યું છે. મિઝોરમના વિવિધ વિભાગો દ્વારા લાલ દુહોમા સરકારને સોંપવામાં આવેલા રિપોર્ટમાં આ ગેરરીતિનો ખુલાસો થયો છે.

ગત વર્ષે ડિસેમ્બરમાં સત્તા સંભાળ્યા પછી મુખ્ય મંત્રી લાલ દુહોમાના નેતૃત્વવાળી જોરમ પીપલ્સ મુવમેન્ટ સરકારે કર્મચારીઓ વિશે માહિતી માહી હતી ને જાન્યુઆરી સુધી રિપોર્ટ સોંપવા માટે કહ્યુ હતું. અત્યાર સુધી મળેલી માહિતી મુજબ સ્કૂલના શિક્ષણ વિભાગમાં સૌથી વધુ ૧૧૧૫, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં ૬૨૪ અને વીજ વિભાગમાં ૨૫૩ લોકો મૂળ કર્મચારીઓની જગ્યાએ કામ કરી રહ્યા છે. રાજ્યમાં સરકારના આશરે ૫૦,૦૦૦ કર્મચારીઓ છે.રાજ્યમાં જે લોકોએ હંગામી કર્મચારીઓને કામ પર રાખ્યા હતા, તેમાંથી ૨૦૭૦ સરકારીએ જણાવ્યું હતું કે તેમણે આરોગ્યનાં કારણોસર આવું કરવું પડ્યું હતું, જ્યારે ૭૦૩ ઘરેલુ સમસ્યાઓનો હવાલો આપ્યો હતો. પ્રોક્સીનું કામ પર રાખવા માટે કર્મચારી દ્વારા અપાયેલા કારણોમાં ક્વાર્ટરોની ખેંચ, એ ગામોમાં દુર્ગમતા, સ્થાનિક ભાષાની સમસ્યાઓ સામેલ હતી.રાજ્યના મુખ્ય મંત્રીઓએ હાલમાં કહ્યું હતું કે રાજ્ય કેબિનેટ સરકારી કર્મચારીઓ દ્વારા હંગામી લોકોને કામ પર રાખવાના કેસો પર વિચાર કરશે અને અંતિમ નિર્ણય લેશે.

## સાબરમતી આશ્રમ અદ્ભૂત ઉર્જાનું કેન્દ્ર, બાપુના સત્ય-અહિંસાના આદર્શો દેશ સેવા માટે પ્રેરિત કરે છેઃ પીએમ મોદી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સાબરમતી આશ્રમની મુલાકાત લીધી હતી અને કોચરબ આશ્રમનું ઉદઘાટન કર્યું હતું અને ગાંધી આશ્રમ મેમોરિયલના માસ્ટર પ્લાનનું આજે લોકાર્પણ કર્યું હતું. વડાપ્રધાને મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી અને હૃદય કુંજની મુલાકાત લીધી. તેમણે પ્રદર્શનનું વોકથુ પણ લીધું અને એક છોડનું વાવેતર કર્યું હતું. આ તકે તેમણે જણાવ્યું હતું કે, જે રાષ્ટ્ર પોતાની ધરોડરને સાચવવામાં સક્ષમ નથી તે પોતાનું ભવિષ્ય પણ ગુમાવે છે.

આ પ્રસંગે સંબોધના કરતા વડાપ્રધાને કહ્યું કે સાબરમતી આશ્રમ હંમેશા અજોડ ઉર્જાનું જીવંત કેન્દ્ર રહ્યું છે અને આપણે આપણામાં બાપુની પ્રેરણા અનુભવીએ છીએ. તેમણે વધુમાં કહ્યું કે, સાબરમતી આશ્રમે બાપુના સત્ય અને અહિંસા, રાષ્ટ્ર સેવા અને વંચિતોની સેવામાં ભગવાનની સેવા



જોવાના મૂલ્યોને જીવંત રાખ્યા છે. વડાપ્રધાને કોચરબ આશ્રમમાં ગાંધીજીના સમયનું વર્ણન કર્યું જ્યાં ગાંધીજી સાબરમતી જતા પહેલા રોકાયા હતા. પુનર્વિકાસિત કોચરબ આશ્રમ આજે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યો હતો. વડાપ્રધાને પૂજ્ય મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને આજના મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયી પ્રોજેક્ટ્સ માટે નાગરિકોને અભિનંદન આપ્યા.

ગાંધી બાપુએ દાંડી કૂચની શરૂઆત કરી અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની તારીખને સુવર્ણ અક્ષરોમાં લખી ત્યારે આજની ૧૨મી માર્ચની તારીખની નોંધ લેતા વડાપ્રધાને કહ્યુ કે આ ઐતિહાસિક દિવસ સ્વતંત્ર ભારતમાં નવા યુગની શરૂઆતનો સાક્ષી છે. ૧૨મી માર્ચે જ સાબરમતી આશ્રમથી રાષ્ટ્રએ આઝાદી કા અમૃત મહોત્સવની શરૂઆત કરી હતી તે વાતને રેખાંકિત કરતાં વડાપ્રધાન મોદીએ કહ્યુ હતું કે આ કાર્યક્રમે ભૂમિના બલિદાનોને યાદ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. વડાપ્રધાને જણાવ્યું હતું કે અમૃત મહોત્સવે ભારત માટે અમૃત કાલમાં પ્રવેશવા માટેનું પ્રવેશદ્વાર બનાવ્યું, ભારતની આઝાદી દરમિયાન જે સાક્ષી હતી તે જ રીતે નાગરિકોમાં એકતાનું વાતાવરણ ઊભું કર્યું હતું. તેમણે મહાત્મા ગાંધીના આદર્શો અને માન્યતાઓના પ્રભાવ અને અમૃત મહોત્સવના વ્યાપ પર પ્રકાશ પાડયો હતો.વડાપ્રધાન મોદીએ કહ્યું આઝાદી કા અમૃત કાલ કાર્યક્રમ દરમિયાન ૩ કરોડથી વધુ લોકોએ પંચ પ્રાણના શપથ લીધા. તેમણે ૨ લાખથી વધુ અમૃત વાટિકાના વિકાસ વિશે પણ માહિતી આપી હતી જ્યાં ૨ કરોડથી વધુ રોપાઓ વાવવામાં આવ્યા હતા, જળ સંરક્ષણ માટે ૭૦,૦૦૦થી વધુ અમૃત સરોવરોનું નિર્માણ, હર ઘર તિરંગા અભિયાન જે રાષ્ટ્રીય ભક્તિની અભિવ્યક્તિ બની ગયું હતું અને મેરી માટી મેરા દેશ અભિયાન જ્યાં નાગરિકોએ સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપી. વડાપ્રધાને સાબરમતી આશ્રમને વિકસિત ભારતના સંકલ્પોનું તીર્થસ્થાન બનાવવા અમૃતકાળ દરમિયાન ૨ લાખથી વધુ પ્રોજેક્ટના શિલાન્યાસનો પણ ઉલ્લેખ કર્યો હતો.

વડાપ્રધાને કહ્યુ, બાપુનો સાબરમતી આશ્રમ માત્ર દેશનો જ નહીં માનવતાનો વારસો છે. આ અમૂલ્ય વારસાની લાંબી અવગણનાને યાદ કરતાં વડાપ્રધાને આશ્રમનો વિસ્તાર ૧૨૦ એકરથી ઘટીને ૫ એકર થવાનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે ૬૩ ઈમારતોમાંથી માત્ર ૩૬ ઈમારતો જ રહી છે અને માત્ર ૩ ઈમારતો મુલાકાતીઓ માટે ખુલ્લી છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્વતંત્રતા સંગ્રામમાં આશ્રમના મહત્વને ધ્યાનમાં રાખીને તેને સાચવવાની તમામ ૧૪૦ કરોડ ભારતીયોની જવાબદારી છે. વડાપ્રધાને આશ્રમની ૫૫ એકર જમીન પાછી મેળવવામાં આશ્રમવાસીઓના સહકારને સ્વીકાર્યો. તેમણે આશ્રમની તમામ ઈમારતોને તેમના મૂળ સ્વરૂપમાં સાચવવાનો ઈરાદો દર્શાવ્યો હતો.

વડાપ્રધાને આવા સ્મારકોની લાંબી અવગણના માટે ઇચ્છાશકિતના અભાવ, સંસ્થાનવાદી માનસિકતા અને તુષ્ટિકરણને જવાબદાર ઠેરવ્યું હતું.

## જગદીશ ઠાકોર બાદ કોંગ્રસના વધુ એક પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરત સોલંકીની લોકસભા ચૂંટણી નહીં લડવાની જાહેરાત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભાની ચૂંટણી જેમ-જેમ નજીક આવી રહી છે તેમ તેમ ગુજરાતમાં કોંગ્રેસના નેતા પક્ષથી દૂર થઈ રહ્યા છે અને ભાજપમાં જોડાઈ રહ્યા છે. આ દરમિયાન કોંગ્રેસના દિગ્ગજ નેતા ભરતસિંહ સોલંકીએ લોકસભા ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી છે. તેમણે નડ્થ પર આ અંગે માહિતી આપી છે. નોંધનીય છે કે, અગાઉ પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ જગદીશ ઠાકોરે ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી હતી.

ભરતસિંહ સોલંકીએ ડ પર લખ્યું, પમને અને મારા પરિવારને કોંગ્રેસ પાર્ટીએ દાયકાઓથી ઘણું આપ્યું છે. AICC જમ્મુ- કાશ્મીરના પ્રભારી તરીકેની મારી વર્તમાન જવાબદારીને ધ્યાનમાં રાખીને અને ગુજરાતમાં પક્ષ માટે અસરકારક રીતે પ્રચાર કરી શકવા માટે હું આ ચૂંટણી ન લડવાની મારી



ઈચ્છા હાઈકમાન્ડને નમ્રતાપૂર્વક જણાવું છું. તેમ છતાં કોંગ્રેસના આજીવન સૈનિક રહીને કેન્દ્રીય નેતૃત્વ દ્વારા જે પણ નિર્ણય લેવામાં આવશે તે હું સ્વીકારીશ અને તેનું પાલન કરીશ.થ

ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી પહેલા ગુજરાત કોંગ્રેસમાં એક સાંધે ત્યા તેર તૂટે જેવી સ્થિતી છે. કોંગ્રેસમાંથી અર્જુન મોઢવાડિયા, અંબરિશ ડેર, સી. જે ચાવડા, અરવિંદ લાડાણી, મૂળુ કંડોરિયા સહિતના ધારાસભ્યો,નેતાઓ રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ ચૂક્યા છે. જિલ્લા અને તાલુકા કક્ષાએ પણ અનેક નેતાઓ, કાર્યકરો કોંગ્રેસનો હાથ છોડી ચુક્યા છે.ત્યારે લોકસભામાં કોંગ્રેસના ઉમેદવારોને પોતાની તાકાતથી ચૂંટણી લડવી પડે તેવી સ્થિતિ નિર્માણ થવા પામી છે.

## બંને પાયલોટો સુઈ જતાં અડધો કલાક સુધી વિમાન 'રામ ભરોસે' ઉડતું રહ્યું: ઈન્ડોનેશિયાના ઉંઘણશી પાઈલોટો સસ્પેન્ડ !

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પાયલોટની જરા સરખી ચૂક પણ પ્લેનમાં બેઠેલા સેંકડો મુસાફરોના જીવ જોખમમાં નાંખી શકે છે અને તેના કારણે જ પાયલોટની ડ્યુટી સંવેદનશીલ ગણાતી હોય છે.આમ છતા પાયલોટો લાપરવાહી વરતતા હોય તેવા કિસ્સા બનતા રહેતા હોય છે. ઈન્ડોનેશિયામાં બાટિક એરલાઈનની એક ફ્લાઈટમાં બંને પાયલોટ અડધો કલાક સુધી સુતા રહ્યા હોવાની ઘટના સપાટી પર આવી છે.

ગત ૨૫ જાન્યુ.એ બાટિક એરલાઈનની ફ્લાઈટ કેંદારી શહેરથી ઈન્ડોનેશિયાની રાજધાની જાકાર્તા જઈ રહી હતી. જેમાં ૧૫૩ મુસાફરો અને ચાર ક્રુ મેમ્બર પણ સવાર હતા. ફ્લાઈટ આકાશમાં હતી અને બંને પાયલોટ અડધો કલાક સુધી નિંદર માણતા રહયા હતા. આ વાતનો ખુલાસો રાષ્ટ્રીય પરિવહન સુરક્ષા સમિતિએ પોતાના રિપોર્ટમાં કર્યો છે.

જોકે ઉડાન દરમિયાન કોઈને આ વાતનો વધારે ખ્યાલ આવ્યો નહોતો અને વિમાને બે કલાક અને ૩૫ મિનિટની




મુસાફરી બાદ સહીસલામત રીતે લેન્ડિંગ કર્યુ હતુ. આ બંને પાયલોટો સુતા રહ્યા તે દરમિયાન પ્લેન પોતાના ફ્લાઈટ પાથ પરથી હટી ગયુ હતુ. કંટ્રોલ રુમના ધ્યાનમાં આ વાત આવતાની સાથે જ વિમાનનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને તેના કારણે પાયલોટની આંખ ખુલી ગઈ હતી.

રાષ્ટ્રીય પરિવહન સુરક્ષા સમિતિએ ઘટનાની તપાસના રિપોર્ટમાં કહ્યુ છે કે, સેકન્ડ ઈન કમાન્ડ પાયલોટે પોતાના કો પાયલોટને પહેલા જ કહી દીધુ હતુ કે તે થાકી ગયો છે અને તે પછી તે ૩૦ મિનિટ સુધી સુતો રહ્યો હતો. એ પછી મુખ્ય પાયલોટે પોતાના સેકન્ડ ઈન કમાન્ડ પાયલોટને કહ્યુ હતુ કે, હવે હું થોડો આરામ કરવા માંગુ છું. આ તબક્કે મુખ્ય પાયલોટની સાથે સાથે સેકન્ડ ઈન કમાન્ડ પાયલોટ પણ પાછો સુઈ ગયો હતો. બંને પાયલોટોના સંચાલન વગર પ્લેન અડધો કલાક સુધી ઉડતુ રહ્યુ હતુ.

કંટ્રોલ રુમના ધ્યાનમાં વાત આવી હતી કે, આ વિમાન પોતાના નિયત રસ્તા પરથી ભટકી રહ્યુ છે ત્યારે કંટ્રોલ રૂમે પાયલોટનુ ધ્યાન દોર્યુ હતુ અને પાયલોટો કહ્યુ હતુ કે, રેડિયો કોમ્યુનિકેશનમાં સમસ્યા થઈ હોવાથી અમે જવાબ નહોતા આપી શકયા. ઈન્ડોનેશિયાની સિવિલ એવિએશન ઓથોરિટીએ બંને પાયલોટોને આગળની તપાસ પૂરી ના થાય ત્યાં સુધી વિમાન ચલાવવાની મનાઈ ફરમાવી દીધી છે.

## CAAનો કાયદો અમલી થતા જ વિપક્ષી નેતાઓએ મોદી સરકાર પર સાધ્યું નિશાનઃ કોંગ્રેસે કહ્યું-ચૂંટણીમાં ધ્રુવીકરણ માટે કરાયો મોડો અમલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્રની મોદી સરકારે આજે દેશમાં નાગરિકતા સંશોધન કાયદો લાગુ કર્યા બાદ ભાજપે આ નિર્ણયને આવકાર્યો છે તો બીજીતરફ વિપક્ષે કેન્દ્ર સરકાર પર નિશાન સાધવાનું શરૂ કરી દીધું છે. તમિલનાડુના મુખ્યમંત્રીએ સીએએને હથિયાર બનાવી દીધો હોવાનો કેન્દ્ર સરકાર પર આક્ષેપ કર્યો છે, તો અઈખઈખ વડા ઓવૈસીએ સીએએને ગોડસેની વિચારધારા ગણાવી છે. આ ઉપરાંત કોંગ્રેસે પણ કેન્દ્રની મોદી સરકાર પર નિશાન સાધ્યું છે.

કોંગ્રેસ પ્રવક્તા જયરામ રમેશે ટ્વીટ કરીને ડિસેમ્બર ૨૦૧૯માં સંસદ દ્વારા પસાર કરાયેલ CAAને અમલી બનાવવા મોદી સરકારે ચાર વર્ષ અને ત્રણ મહિના લગાવી દીધા. CAAના નિયમોને નોટિફાઈ કરવા માટે લીધેલો આટલો સમય વડાપ્રધાનના સફેદ ઝૂઠની



વધુ એક ઝલક છે. આ ટે નવ વખત એક્સટેન્શન માંગ્યા બાદ જાહેરાત કરવા માટે જાણી જોઈને લોકસભા ચૂંટણી પહેલાનો સમય પસંદ કરાયો છે. આવું સ્પષ્ટ રીતે ચૂંટણીને ધ્રુવીકરણ કરવા માટે કરાયો છે.

તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલીને ભાજપ સરકાર પર નિશાન સાધતા સોશિયલ મીડિયા પર કહ્યું કે,કેન્દ્રની ભાજપ સરકારના વિભાજનકારી એજન્ડાએ નાગરિકતા કાયદાને હથિયાર બનાવ્યું છે. સરકારે આ કાયદાને માનવતાના પ્રતીકમાંથી ધર્મ અને જાતિમાં ભેદભાવનું સાધન બનાવી દીધું છે. મુસ્લિમો અને શ્રીલંકાના તમિલોને છેતરીને તેઓએ વિભાજનની સ્થિતિ ઉભી કરી છે. ડીએમકે જેવા લોકતાંત્રિક દળોનો વિરોધ છતાં ભાજપે એડીએમકેના સમર્થન બાદ CAA લાગુ કર્યું છે. લોકોની પ્રતિક્રિયાના ડરના કારણે ભાજપે સીએએ પર ચર્ચા કરવાનું બંધ કરી દીધું હતું.

હૈદરાબાદના સાંસદ અને AIMIM નેતા અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે, 'તમે ક્રોનોલોજી સમજો, પહેલા ચૂંટણીની મોસમ આવશે, ત્યારબાદ ઈઅઅના નિયમો આવશે. આ કાયદા સામે અમારો વાંધો પહેલા જેવો જ છે. ઈઅઅ કાયદો વિભાજનકારી છે અને ગોડસેની વિચારધારા પર આધારિત છે. આ કાયદો મુસ્લિમોને બીજા વર્ગના નાગરિક બનાવવા માગે છે. અત્યાચાર ગુજારનાર કોઈપણ વ્યક્તિને આશ્રય આપો, પરંતુ નાગરિકતા ધર્મ અથવા રાષ્ટ્રીયતા પર આધારિત ન હોવી જોઈએ.

CAA પર બંગાળના સીએમ મમતા બેનર્જીએ કહ્યું હતું કે, ઈઅઅથી જો કોઈની નાગરિકતા રદ્દ થઈ તો તેને સહન નહીં કરવામાં આવે. તમારે ૬ મહિના પહેલા નિયમો જાહેર કરવા જોઈતા હતા. જો કોઈ સારી વસ્તુ હોય તો અમે હંમેશા સમર્થન અને વખાણ કરત, પરંતુ જો કંઈપણ એવું કરવામાં આવે છે જે દેશ માટે સારું નથી તો TMC હંમેશા પોતાનો અવાજ ઉઠાવશે અને તેનો વિરોધ કરશે. રમઝાન પહેલા આજની તારીખ કોમી તંગદિલી ઉભી કરવા પસંદ કરાઈ છે. હું લોકોને શાંત રહેવા અને કોઈપણ અફવાથી બચવાની અપીલ કરું છું

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રની મોદી સરકારે ગઈકાલ સાંજે સીએએ લાગુ કરવા માટે નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ સાથે દેશમાં નાગરિકતા સંશોધન કાયદો અમલમાં આવ્યો છે.જે મુજબ ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ પહેલા અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશથી આવેલા હિંદુ, ખ્રિસ્તી, શીખ, જૈન, બૌદ્ધ અને પારસીને ભારતીય નાગરિકતા આપવાની જોગવાઈ કરાઈ હતી.આ નિયમો મુજબ નાગરિકતા આપવાનો અધિકાર કેન્દ્ર સરકારના હાથમાં છે.

## લોકસભા ચૂંટણી પૂર્વે હરીયાણામાં ભાજપ-જેજેપીનું ગઠ્ઠબંધન તૂટતા મનોહર ખટ્ટર સરકારનું રાજીનામુ

**મુખ્ય સમાચાર, ચંદીગઢ**

લોકસભાની ચૂંટણી પૂર્વે હરીયાણામાં ભાજપ તથા જનનાયક જનતા પાર્ટી (જેજેપી) વચ્ચેની ગઠબંધન સરકારનું પતન થતા રાજયમાં રાજકીય ભૂકંપ સર્જાયો છે. લોકસભા ચૂંટણીમાં બેઠક વહેંચણી મુદ્દે વિવાદ સર્જાતા બન્ને પક્ષોએ એકબીજાનો સાથ છોડવાનો નિર્ણય લઈ લીધો હતો. જેજેપી દ્વારા લોકસભાની બે બેઠકો માંગવામાં આવી હતી. પરંતુ ભાજપે તેનો ઈન્કાર કરતા ગઠબંધન તૂટી ગયુ છે. મુખ્યમંત્રીપદેથી મનોહરલાલ ખટ્ટરે રાજીનામું આપી દઈને નવેસરથી સરકાર ગઠનની કવાયત હાથ ધરી છે.

મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર



સહીતની આખી કેબીનેટ રાજીનામા આપ્યા બાદ નવી સરકારના ગઠનની તૈયારી કરશે નવી સરકારમાં જનનાયક જનતા પાર્ટી સામેલ નહી થાય. એટલે ભાજપ માટે બહુમતી સાબીત કરવાનું પડકાર જનક બનશે.સુત્રોએ કહ્યું કે, ગઠબંધન તુટવાના અણસાર છેલ્લા એકાદ દિવસથી મળવા લાગ્યા હતાં.ડે.સીએમ દુષ્યંત ચૌટાલા તથા ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડા વચ્ચેની બેઠક નિષ્ફળ જતાં ગઠબંધન ચાલી શકે તેમ ન હોવાની સ્થિતિ સ્પષ્ટ થઈ હતી.

ગઠબંધન તૂટવા સાથે ભાજપ દ્વારા નવી સરકાર બનાવવા ધારાસભ્યોની બેઠક બોલાવી છે. પાર્ટી દ્વારા નિરિક્ષક તરીકે કેન્દ્રીય કૃષિ મંત્રી અર્જુન મુંડા અને તરૂણને મોકલવામાં આવ્યા છે. આ બેઠકમાં નવા નેતા નિયુક્ત કરાશે.ગઠબંધન તૂટવા પાછળનું એક કારણ કિસાન આંદોલન હોવાની પણ ચર્ચા છે. ભાજપની જેમ જેજેપીનાં અધ્યક્ષ દુષ્યંત ચૌટાલાએ પણ સીનીયર નેતાઓ તથા ધારાસભ્યોની બેઠક બોલાવી છે. હરીયાણામાં રાજકીય હલચલથી ઉત્તરીય રાજ્યમાં જબરો રાજકીય ગરમાવો આવી ગયો છે. હરીયાણા વિધાનસભાની ૯૦માંથી જેજેપી પાસે ૧૦ બેઠકો જયારે ૬ અપક્ષો છે.

## શેરબજારમાં ૨૮ માર્ચથી ટી+૦ સેટલમેન્ટ અમલી બનશેઃ સોદાની પતાવટ તે જ દિવસે પૂર્ણ થશે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

શેરબજારમાં રેકોર્ડબ્રેક તેજીના દોર વચ્ચે નવા યુગની શરૂઆત થવા જઈ રહી છે. માસાંતથી ટી+૦ સેટલમેન્ટની શરૂઆત થશે અને શેરોનાં સોદાની પતાવટ દૈનિક ધોરણે સમાન દિવસે જ થશે.શેરબજારનાં નિયમનકાર સેબીનાં વડા માધવી પુરી બુચે જણાવ્યું હતું કે, આ પ્રક્રિયાને વૈકલ્પિક ધોરણે લોંચ કરવામાં આવશે. સમાન દિવસે સેટલમેન્ટ સીસ્ટમ લાગુ કરનાર ભારત દુનિયાનો બીજો દેશ બનશે.

આ પુર્વે ચીને આ સીસ્ટમ લાગુ



કરી છે. હાલ ભારતીય શેરબજારમાં ટી+૧ સેટલમેન્ટ સીસ્ટમ અમલમાં છે. અર્થાત શેરબજારમાં થયેલા સોદાનું સેટલમેન્ટ બીજા દિવસે થાય છે.સેબી દ્વારા ગત ડીસેમ્બરમાં જ કન્સલટન્ટ પેપર જારી કર્યું હતું તેમાં એમ સ્પષ્ટ કર્યું હતું કે ઓછા ખર્ચે ઝડપી પતાવટ કરતી સેટલમેન્ટ સિસ્ટમથી ઈન્વેસ્ટરો આકર્ષિત થતા હોય છે. ટી+૦ સીસ્ટમની ઈન્વેસ્ટરોને વધુ પ્રોત્સાહન મળી શકે છે.

તેઓએ કહ્યું કે, બે તબકકામાં ટી+૦ સેટલમેન્ટ સીસ્ટમ લાગુ કરાશે પ્રથમ તબકકે બપોરે ૧-૩૦ સુધીના સોદાને આવરી લેવાશે અને તેના નાણાં તથા શેરોની લેવડદેવડ પ્રક્રિયા સાંજે ૪-૩૦ સુધી પૂર્ણ કરી દેવાશે બીજો તબકકો અમલી બનતાં પ્રથમ તબકકાનું શિડયુલ બંધ કરી દેવાશે અને ટ્રેડ થયાની સાથે જ પતાવટ થવા લાગશે.

# જસદણના લીલાપુરના વેરહાઉસમાંથી રૂ.૨૦.૨૩ લાખના રાયડાની ચોરી કરનારા ૧૦ શખ્સો ઝડપાયા

## વેરહાઉસની બારી તોડી ઘુસેલા તસ્કરો રાયડાની ૬૭૫ બોરી ઉઠાવી નાસી છૂટ્યા હતા

મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળીયા



**જસદણ:** જસદણના લીલાપુરમાં આવેલ રાજ્ય સરકારના વેરહાઉસમાં એક પખવાડીયા પૂર્વે ત્રાટકેલા તસ્કરોએ રૂ.૨૦.૨૩ લાખના રાયડાની ૬૭૫ બોરી ચોરી કરી નાસી છૂટ્યા હતાં. આ બનાવ અંગે જસદણ પોલીસે ગુનો નોંધી પીઆઈ ટી.બી.જાની અને ટીમે ગણતરીના દિવસોમાં જ ચોરીનો ભેદ ઉકેલી ૧૦ શખ્સોની ધરપકડ કરી હતી અને બે કાર, માલવાહક, રૂ.૧૭ લાખનો રાયડો, સાત મોબાઈલ અને રૂ.૭ લાખ રોકડા સહિત રૂ.૩૨.૪૭ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

બનાવ અંગે રાજકોટમાં જામનગર રોડ પર પુનિતનગર શેરી નં.૬ માં રહેતાં મૂળ સાબરકાંઠાના રમેશભાઈ વીરજીભાઈ નીનામા(ઉ.વ.૬૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યાં શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ અગાઉ મામલતદાર ઓફીસમાં નોકરી કરતાં અને વર્ષ ૨૦૧૭ માં તેઓ નિવૃત્ત થયેલ હતાં. ત્યારબાદ વર્ષ ૨૦૧૮ થી ગુજરાત રાજ્ય વેરહાઉસ કોર્પોરેશનમાં નોકરી કરે છે. તા.૨૪/૦૧/૨૦૨૪ થી તેઓ લીલાપુર વેરહાઉસ કોર્પોરેશનમાં ગોડાઉન મેનેજર તરીકે ફરજ બજાવે છે. વેરહાઉસમાં પાંચ ગોડાઉન આવેલ છે. જેમાં ગોડાઉન નં.૧ અને ૨ ખાલી છે. જ્યારે ગોડાઉન નં.૩ અને ૪ માં ચણા તથા રાયડો તેમજ ગોડાઉન નં.૫ માં રાયડો ભરેલ છે. ગોડાઉનનો ચાર્જ તા. ૨૪/૦૧/૨૦૨૪ ના સંભાળેલ હતો ત્યારે વેરહાઉસમાં ગોડાઉન નં.૫ માં ૧૧૨૯૩ બોરી છ ટેગમાં રાખેલ હતાં. જેમાં ટેગ નં.૧ માં ૨૦૧૬ બોરી, ટેગ નં.૨ માં ૨૫૭૬ બોરી, ટેગ નં.૩ માં ૧૪૩૨, ટેગ નં.૪ માં ૨૦૦૯, ટેગ નં.૫ માં ૧૭૪૮ અને તથા ટેગ નં.૬ માં ૧૫૧૨ બોરી હતી. તેઓને મેનેજર તરીકે સ્ટોકનું મેનેજમેન્ટ તેમજ ગોડાઉનમાં સફાઈ ફીમીગેશન કરાવવાનું ડીલેવરી અને માસીક પત્રકો હેડ ઓફીસે મોકલવાની કામગીરી કરવાની હોય છે. વેરહાઉસમાં આસી. મેનેજર તરીકે આદીત્યભાઈ વાળા, કલાર્ક તરીકે ગૌતમભાઇ મેર અને ચાર સિક્યુરિટીમેન છે. વેરહાઉસમાં સી.સી.ટી.વી. કેમેરા નથી. તેમજ ગોંડલ તાલુકાના ૧૦ વેરહાઉસ અને વિંછીયાનું એક વેરહાઉસનું કામ પણ તેઓ સાંભળે છે. ગઈ તા.૨૯/૦૨/૨૦૨૪ ના રોજ સવારના નવ વાગ્યે આ લીલાપુર વેરહાઉસમાં સીક્યુરીટી ગાર્ડનો ફોન આવેલ કે, વેરહાઉસની બહાર રાયડો વેરાયેલ છે અને પશ્ચિમ બાજુની બારી તુટેલ છે, વાત કરતાં તેઓ વેરહાઉસ પર દોડી આવેલ અને વેરહાઉસમાં જોયેલ તો ગોડાઉન નં.૫ માં ટેગ નં.૪ અને ૫ માં રાયડાનો જથ્થો ઓછો જણાતો હતો. તેમજ પશ્ચિમ બાજુના બારી તુટેલ હતી. વેરહાઉસમાં ગોડાઉન નં.૫ માં સ્ટોક ચેક કરેલ તો ગોડાઉનમાં રહેલ જથ્થો ૧૧૨૯૩ બોરી પૈકી ૧૦૬૧૮ બોરી હતી જેથી અમારા ગોડાઉનમાં ૬૭૫ બોરી ઓછી હતી. એક બોરીમાં ૫૦ કીલો રાયડો હતો જેથી રાયડાની ખરીદી એક બોરી નો ભાવ રૂ.૨૯૯૭ હતો. જેથી વેરહાઉસમાંથી રાયડોની ૬૭૫ બોરી રૂ.૨૦,૨૩,૩૧૨ ના મુદ્દામાલ કોઈ અજાણ્યા શખ્સોએ વેરહાઉસમાં ઘુસી ચોરી કરી ગયાનું સામે આવ્યું હતું. આ બનાવ અંગેની ફરીયાદ પરથી જસદણ પોલીસે ગુનો નોંધી પીઆઈ ટી.બી.જાનીની રાહબરીમાં ટીમે આગળની તપાસ હાથ ધરી હતી. જેમાં આરોપીઓએ આ ગુનામાં ચોરી કરેલ મુદ્દામાલ રાયડો વેચાણ કરવા તેમજ મુદ્દામાલ સગેવગે કરવા જવા માટે વિંછીયાથી રાજકોટ જવાના છે તેવી બાતમી મળી હતી. જેથી પોલીસે બાતમીના આધારે આરોપીઓને જસદણ-આટકોટ બાયપાસ રોડ પરથી મુદ્દામાલ સાથે પકડી પાડી ગુનામાં ઉપયોગમાં લેવાયેલ વાહનોને શોધી કાઢી હરેશ પ્રાગજી મકવાણા, મેહુલ ઉર્ફે તળો ભરત ઉર્ફે હોથી મકવાણા, ધર્મેશ ઉર્ફે ધમો રાયા મેટાળીયા, અરવિંદ ઉર્ફે દુદો રામજી મકવાણા, મહેશ ઉર્ફે જેકીટ જેશા મકવાણા, હિતેશ જેશા મકવાણા, વિપુલ રવજી મકવાણા, અરૂણ ટપુ ભોજવીયા, કલ્પેશ ભુપત કટેશીયા અને જેન્તી પ્રાગજી મકવાણા નામના ૧૦ શખ્સોને પકડી પાડી રાયડો ૫૬૮ બોરી કિંમત રૂ.૧૭,૦૩,૧૧૯ અને બે ઈકો કાર કિંમત રૂ.૪,૦૦,૦૦૦ તથા એક માલવાહક કિંમત રૂ.૪,૦૦,૦૦૦ અને મોબાઈલ નંગ-૭ કિંમત રૂ.૪૨,૦૦૦ તેમજ રોકડા રૂ.૭,૦૨,૦૦૦ મળી કુલ રૂ.૩૨,૪૭,૧૧૯ નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે વનરાજ રામજી મકવાણા, લક્ષ્મણ જાદવ, કિશન રમેશ મકવાણા અને સંજય લક્ષ્મણ ધોરીયા નામના શખ્સો નાસી છૂટતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# વ્યાજખોરોના ત્રાસથી કંટાળીને વિંછીયાના કોટડા ગામના દંપતીએ પોતાની વાડીએ ઝેરી દવા પી લેતા ચકચાર

## પતિનું સારવાર દરમિયાન મોત, પત્ની ગંભીર હાલતમાં સારવાર હેઠળ, પોલીસને સ્યુસાઈડ નોટ મળી આવી

મુખ્ય સમાચાર જસદણ





વિંછીયા તાલુકાના કોટડા ગામના દંપતીએ વ્યાજખોરોના અસહ્ય ત્રાસથી કંટાળી ઘઉંમાં નાખવાની ઝેરી દવા પીઈ લેતા સારવાર અર્થે જસદણની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં સારવાર દરમિયાન પતિનું મોત નીપજ્યું હતું. જ્યારે તેમની પત્ની હાલ જીવન-મરણ વચ્ચે જોલા ખાઈ રહી છે. જો કે આ આપઘાતના બનાવમાં વિંછીયા પોલીસને મૃતક પાસેથી સ્યુસાઈડ નોટ મળી આવતા પોલીસે તે સ્યુસાઈડ નોટ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવના બે દિવસ પહેલા મૃતકના મોટાભાઈ પર વ્યાજખોરોએ જીવલેણ હુમલો કરી બન્ને પગ ભાંગી નાખ્યા હતા અને હાલ તે સારવાર અર્થે બોટાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ છે.

પ્રાપ્ત વિગત મુજબ, વિંછીયા તાલુકાના કોટડા ગામના અશોકભાઈ કરશનભાઈ ગોહિલ(ઉ.વ.૪૩) અને તેમના પત્નીએ વ્યાજખોરોના અસહ્ય ત્રાસથી કંટાળી ઘઉંમાં નાખવાની ઝેરી દવા પીઈ લેતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં સારવાર દરમિયાન પતિનું મોત નીપજ્યું હતું. જ્યારે તેમની પત્ની હાલ જીવન-મરણ વચ્ચે જોલા ખાઈ રહી છે. આ બનાવ અંગે મૃતકના પુત્ર હિતેશભાઈ અશોકભાઈ(ઉ.વ.૨૪) એ વિંછીયા પોલીસમાં કરેલી ફરીયાદમાં જણાવ્યું છે કે, હું મારા ઘર-પરીવાર સાથે રહું છું અને મારે એક બહેન છે. જેનું નામ સજ્જનબેન છે જે બેલડા ગામે સાસરે છે. હું જસદણના ગઢડીયા રોડ ઉપર મેક્સ મેટલ નામની લોખંડની ફેક્ટરી ચલાવી મારૂ તથા મારા પરીવારનું ગુજરાન ચલાવું છું અને હું ધોરણ ૧૨ સુધી અભ્યાસ કરેલ છું. આજથી આશરે દોઢેક વર્ષ પહેલા હું કનૈયા હોટલ વિંછીયા ખાતે ચા પીવા ગયેલ ત્યારે દેવા ભીમશી ખાંભલા(રહે-ગાંભડી,તા-સાયલા) મને ભેગા થયેલ અને વાતોવાતમાં તે મારા મીત્ર બની ગયેલ અને અમો અવાર નવાર ભેગા થતા હતા. મારે પૈસાની જરૂર હોય જેથી મેં દેવાભાઈને વાત કરેલ કે મારે પૈસાની જરૂર છે. તો તમે મને પૈસાની વ્યવસ્થા કરી આપો. જેથી આ દેવાભાઈએ મને ૬ મહીનામાં કટકે-કટકે રૂ.૧,૨૩,૦૦,૦૦૦(એક કરોડ ત્રેવીસ લાખ) વ્યાજવા આપેલ હતા તથા રણછોડ ઉર્ફે હસો સગરામભાઈ સાંબડ(રહે-મોટી લાખાવડ,તા-વિંછીયા) પાસેથી રૂ.૧૪ લાખ અને ગોરાભાઈ હાડગરડા(રહે-હાથસણી,તા-વિંછીયા) હસ્તક તેના માસીયાઈ ભાઈ ધનજીભાઈ(રહે-બોડી પીપરડી) પાસેથી રૂ.૮ લાખ વ્યાજવા અપાવેલ હતા. ત્યારબાદ ગોરાભાઈ હાડગરડા(રહે-હાથસણી) પાસેથી રૂ.૭ લાખ તથા તેના ભાઈ માત્રાભાઈ હાડગરડા(રહે-હાથસણી) પાસેથી રૂ.૫ લાખ તેમજ સુરાભાઈ વકાતર(રહે-હાથસણી) પાસેથી રૂ.૧ લાખ મેં વ્યાજવા લીધેલ હતા. જ્યારે ગુણુભાઈ(રહે-અમરાપુર) પાસેથી રૂ.૧.૩૦ લાખ હાથ ઉછીના લીધેલ હતા. એમ કુલ રૂ.૧.૫૮ કરોડ વ્યાજવા તથા રૂ.૧.૩૦ લાખ હાથ ઉછીના લીધેલ હતા. આ બધા વ્યાજવા લીધેલ રૂપીયા મેં પરત આપી દીધેલ છે. તેમ છતાં આ બધા મારી પાસે વ્યાજ સહીત પૈસાની પઠાણી ઉઘરાણી કરતા હોય જેથી કંટાળી જઈ હું છેલ્લા બે મહીનાથી બહાર જતો રહેલ હતો. પરંતુ ગત તા.૯ ના બપોરના સમયે મારા પિતા અશોકભાઈનો મને ફોન આવેલ અને મને વાત કરેલ કે તું ક્યાં જતો રહેલ છો. તે દેવાભાઈ ગરાંભડીવાળા, માત્રાભાઈ, ગોરાભાઈ, સુરાભાઈ હાથસણીવાળા, ગોરાભાઈનો માસીયાઈ ભાઈ, હસાભાઈ લાખાવડવાળા તથા ગુણુભાઈ અને કોઈ અજાણ્યા માણસો મને વોટ્સએપમાં ફોન કરી પૈસાની ઉઘરાણી કરેલ અને અવારનવાર મને ભેગા થાય ત્યારે તારા દીકરાને બોલાવી લે જે નહીતર તારા હાથ પગ કાપી નાખીશુ તેમ ધમકી આપે છે. એટલે તું પાછો ઘરે આવતો રે. તેમ મારા પીતાએ મને ફોનમાં વાત કરેલ હતી. પરંતુ આ દેવાભાઈ ગરાંભડીવાળાએ મને ફોન કરીને કહેલ કે તારા મોટા બાપુજીના જેમ ટાટીયા ભાંગી નાખીયા તેમ તારા ભાઈ રસીકના તથા તારા મમી પપ્પાના પગ ભાંગી નાખીસ તેવી ધમકી આપેલ હોવાથી મને આ બધા માથાભારે ઈસમોથી ડર લાગતો હોય. જેથી હું ઘરે આવેલ નહી અને ગત.૧૦ ના સાંજના સાતેક વાગ્યે મારા મોટા બાપુજીના દિકરા રસીકભાઈનો મને ફોન આવેલ અને મને વાત કરેલ કે તારા માતા-પિતાએ ઝેરી દવા પીધેલ છે અને જસદણની ખાગની હોસ્પિટલમાં સારવારમાં લઈ ગયેલ છે. એટલે તું ઘરે પાછો આવતો રે. તેમ વાત કરેલ હતી અને રાત્રીના બારેક વાગ્યે અમારા ગામના અનીલભાઈ જોગરાજીયાનો મને ફોન આવેલ અને મને વાત કરેલ કે તારા પિતા ઝેરી દવા પી જવાથી ગુજરી ગયેલ છે. તેમ વાત કરતા હું લુણાવાડાથી મારા ગામ કોટડા આજરોજ સવારે આવી ગયેલ અને કોટડા આવ્યા પછી મારા કાકા વિશાલભાઈ તથા કુટુંબી મામા રામજીભાઈએ મને કહેલ કે તારા પિતાના પેન્ટાના ખીસ્સામાંથી એક ચીઠ્ઠી મળી આવેલ છે. જે વિંછીયા પોલીસને મળી આવેલ છે. આ બનાવનું કારણ એ છે કે દેવા ભીમશી ખાંભલા, માત્રા હાડગરડા, ગોરા હાડગરડા, ગોરાના માસીયાઈ ભાઈ ધનજી, સુરા વકાતર, ગુણુભાઈ, રણછોડ ઉર્ફે હસો સગરામ સાંબડ પાસેથી મેં વ્યાજવા રૂપીયા લીધેલ હતા અને આ બધા મારી પાસે પૈસાની પઠાણી ઉઘરાણી કરતા હોય જેથી કંટાળી જઈ હું બહાર જતો રહેલ હતો. જેથી આ બધાયે મારા ઘરે અવારનવાર આવી તથા મારા પિતાને વોટ્સએપમાં ફોન કરી મારા પિતા પાસેથી પૈસાની પઠાણી ઉઘરાણી કરી મારા પિતાને ટાટીયા કાપી નાખવાની ધમકી આપતા હોય તથા માનસીક ત્રાસથી આપઘાત કરવા માટે મજબુર કરેલ હોય. જેનો ત્રાસ સહન ન થતા મારા માતા-પિતા કોટડા ગામની સીમમાં અંબાજી મંદિર પાસે કંધેવાળીયાના રસ્તે અમારી વાડીયે ઝેરી દવા પી જતા મારા પિતા સારવાર દરમિયાન મરણ ગયેલ છે. જેથી આ બધા શખ્સો સામે ધોરણસર થવા મારી ફરીયાદ છે. વિંછીયા પોલીસે મૃતકના પુત્રની ફરિયાદના આધારે ૭ શખ્સો સામે ફરિયાદ નોંધી આગળની તજવીજ હાથ ધરી છે. આ બનાવની વધુ તપાસ વિંછીયા પોલીસ ચલાવી રહી છે.

### મૃતકે સ્યુસાઈડ નોટમાં વ્યકત કરી વ્યથા

મૃતક પાસેથી એક સ્યુસાઈડ નોટ પોલીસને મળી આવી હતી. જેમાં લખ્યું છે કે "જય માતાજી વિશેષ જણાવવાનું કે મારે દવા પીવાનું કારણ મારા દિકરાએ પૈસા લીધા છે દેવાભાઈ ગરાભડીવાળા પાસેથી માત્રા હાથણી વાળા ૫૬,૦૦૦ ગોરા હાથણી પાસેથી ૫,૦૦,૦૦૦, ૧૪ લાખ તેના માસીયાઈ ભાઈ પાસેથી સુરો વકાતર પાસે ૭૦૦૦, કનૈયા હોટલ ગુણુભાઈ ૧,૩૦,૦૦૦ હસાભાઈ ભરવાડ-સરપચ લખાવડ વાળા ૧,૪૦,૦૦૦ બાકીના નામ નથી આવડતા. બધાયને સજા થવી જોઈએ(પીએસઆઈ સાબ) આ બધાયે પૈસા માગે છે એટલે અમે અંતીમ પગલુ ભરવી છી (અશોકભાઇ ગોહિલ) ફોનનો પાસ- ૧૦૭૬ છે એવુ લખેલ હતુ. જે ચીઠ્ઠીના આધારે વિંછીયા પોલીસે આગળની તજવીજ હાથ ધરી છે.

# જુગારની મહેફિલ પર એલસીબી ટીમનો દરોડોઃ પાંચ શકુનીઓ પકડાયા

મુખ્ય સમાચાર, જામનગર



જામનગરના ધ્રાંગડા ગામમાં ગંજીપાના વડે જુગાર રમતા પાંચ શખ્સને એલસીબીએ પકડી પાડ્યા હતા. ધ્રોલનો એક શખ્સ નાસી ગયો હતો. પટમાંથી રોકડ, મોબાઈલ, બાઈક મળી રૂા.૧ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.જામનગર તાલુકાના ધ્રાંગડા ગામમાં જુગાર રમાઈ રહ્યો હોવાની એલસીબીના ક્રિપાલસિંહ, વનરાજ મકવાણા, કિશોર પરમારને મળતા પીઆઈ બી.એન. ચૌધરી, પીઆઈ વી.એમ. લગારીયાના વડપણ હેઠળ પીએસઆઈ આર.કે. કરમટા, પી.એન. મોરી તથા સ્ટાફે ધ્રાંગડાની સીમમાં દરોડો પાડ્યો હતો. ત્યાં વોકળા નજીક બાવળ પાસે ગંજીપાના કૂટી રહેલા ધીરજલાલ નાગજીભાઈ પરમાર, જાડેજા હિતેન્દ્રસિંહ મોહનસિંહ, હીતુભા બચુભા જાડેજા, સજુભા જોરૂભા જાડેજા, નિઝામ કાસમભાઈ જખરા નામના પાંચ શખ્સ મળી આવ્યા હતા. પોલીસને જોઈને રમેશ નામનો શખ્સ નાસી ગયો હતો. પટમાંથી એલસીબીએ રૂા.૫૧ હજાર ૫૦૦ રોકડા, પાંચ મોબાઈલ, એક બાઈક મળી કુલ રૂા.૧૦૬૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

# જામનગરના શાંતિનગર વિસ્તારમાં એક મોટરમાંથી એલસીબીએ વિદેશી દારૂની ૨૯ બોટલ કબજે કરી

મુખ્ય સમાચાર, જામનગર






જામનગરના શાંતિનગર વિસ્તારમાં એક મોટરમાંથી એલસીબીએ દારૂની ૨૯ બોટલ કબજે કરી.જામનગરના પટેલ કોલોની વિસ્તારના છેવાડે આવેલા શાંતિનગરમાં મોટરમાં અંગ્રેજી દારૂની હેરફેર કરાઈ રહી હોવાની બાતમી એલસીબીના હરદીપ બારડ, મયુરસિંહ, ઋષિરાજસિંહને મળતા પીઆઈ બી.એન. ચૌધરીને વાકેફ કરાયા પછી પીઆઈ વી.એમ. લગારીયાના વડપણ હેઠળ પીએસઆઈ આર.કે. કરમટા, પી.એન. મોરી તથા સ્ટાફે દરોડો પાડ્યો હતો.ત્યાંથી વનરાજસિંહ શિવુભા વાઢેર ઉર્ફે મુન્ના વાંગડ નામના શખ્સની માલિકીની જીજે-૩-ડીજી ૯૯૦૮ નંબરની એક મોટરમાંથી દારૂની ૨૯ બોટલ મળી આવી હતી. તે મોટર, બોટલ સહિત રૂા.૩ લાખ ૧૧૬૦૦નો મુદ્દામાલ કબજે કરાયો છે. દરોડા પહેલાં વનરાજસિંહ નાસી ગયો હતો. તેની સામે સિટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર કરાવાયો છે.

# હડિયાણા કન્યા શાળાની વિદ્યાર્થીનીઓ માટે જોડિયા પોલીસ સ્ટેશન અને ન્યાયાલયની મુલાકાતનું આયોજન કરાયું

## બાળકો કાયદાકીય પ્રણાલીથી વાકેફ બને તે હેતુથી સમગ્ર કાર્યક્રમનું આયોજન કરાયું









મુખ્ય સમાચાર, જામનગર

જામનગર જોડિયા તાલુકામાં સ્થિત હડિયાણા કન્યા શાળાની ધોરણ-૮ ની વિદ્યાર્થીનીઓએ જોડિયા પોલીસ સ્ટેશન તથા જોડિયા ન્યાયાલયની મુલાકાત લીધી હતી. જોડિયા પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ કનુભાઈએ પોલીસ તંત્રની કામગીરી વિશે તેમજ એફ.આઈ.આર. વિશે માહિતી આપી હતી. વિદ્યાર્થીનીઓએ મહિલા હેલ્પલાઈન ૧૮૧ વિશે માહિતી મેળવી હતી.ત્યારબાદ જોડિયા ન્યાયાલયની મુલાકાત લેવામાં આવી હતી. જયાં કર્મચારી પ્રવીણભાઈએ અદાલતની કામગીરી, દીવાની કેસો અને ફોજદારી કેસો વિશે વિસ્તૃત સમજણ આપી હતી અને બાળકોએ અદાલતની કામગીરી નીહાળી હતી. બાળકો માટે પોલીસ સ્ટેશન તથા ન્યાયાલયની મુલાકાત યાદગાર બની રહી હતી. શાળાના મદદનીશ શિક્ષક સુરેશભાઈ મકવાણાએ મુલાકાત દરમિયાન બાળકોની સાથે રહી તેમને સમગ્ર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# જામનગરમાં પડી ગયેલ રૂા.૧ લાખ ૯૫ હજારના દાગીનાવાળું પાકીટ શોધી આપતી પોલીસ

મુખ્ય સમાચાર, જામનગર



જામનગરના પી.એન. માર્ગ પર એક જવેલર્સમાંથી સોનાના દાગીના ખરીદીને નીકળેલા આસામીનું દાગીનાવાળું પાકીટ ક્યાંક પડી ગયું હતું. તે શોધવા માટે સિટી-બી ડિવિઝન અને સિક્કા પોલીસે શરૂ કરેલી તપાસમાં રૂા.૧ લાખ ૯૫ હજારના દાગીના સાથે બેડમાંથી એક મહિલા મળી આવ્યા હતા. તે દાગીના તેના મૂળ માલિકને પોલીસને જહેમતથી પરત મળી જવા પામ્યા છે.જામનગરના ખોડિયાર કોલોની વિસ્તારમાં વસવાટ કરતા નિલેશભાઈ ઝવેરચંદ કરણીયા નામના આસામી પી.એન. માર્ગ પર આવેલા એક શો-રૂમમાંથી સોનાની બુટી તથા સેટની ખરીદી કરીને ઘર તરફ જવા રવાના થયા હતા.

# મોરબીની નવયુગ મહિલા સાયન્સ કોલેજની વિદ્યાર્થીનીઓએ ૩ ગોલ્ડમેડલ મેળવીને ઈતિહાસ રચ્યો

મુખ્ય સમાચાર, મોરબી




સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તા.૧૦/૦૩/૨૦૨૪ના રોજ પદવિદાન સમારંભમાં મહામહિમ કુલાધિપતિ રાજ્યપાલશ્રી દેવવ્રતજી, શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ અને પ્રફુલ પાનેસરીયા તેમજ કુલપતિ શ્રીમતી નિલાબંરીબેન દવે અને યુનિવર્સિટીના પદાધિકારીઓની હાજરીમાં ઉજવાઇ ગયો.

આ પદવિદાન સમારંભમાં મોરબી જિલ્લાનું ગૌરવ વધારતા નવયુગ મહિલા સાયન્સ કોલેજની ૩ દિકરીઓએ ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો છે. આ વિશિષ્ટ સન્માન મોરબીની કોઈ કોલેજને આજ દિવસ સુધી પ્રાપ્ત થયું નથી.

પંડ્યા પ્રેક્ષાએ B.Sc (Mathematics) માં, આદ્રોજા માનસી B.Sc (Microbiology) માં અને વડાવિયા રાધિકાએ B.Sc (Botany) માં ગોલ્ડમેડલ હાંસીલ કર્યો છે, જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની તમામ કોલેજોના સ્ટુડન્ટ્સ કરતા જે તે વિષયમાં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરવાથી મળે છે. ત્રણેય સ્ટુડન્ટએ નવયુગની કાર્યપ્રણાલી, ગુરૂજનો, પી. ડી. કાંજીયા સાહેબ અને માતાપિતાને સફળતાનો શ્રેય આપ્યો હતો.આ અભુતપુર્વ સિધ્ધિ મેળવવા બદલ સંસ્થાના પ્રમુખ પી. ડી. કાંજીયા સાહેબએ ત્રણેય સ્ટુડન્ટ્સને બીરદાવ્યા હતા અને ઉજ્જવળ ભવિષ્ય માટે આશિર્વાદ આપ્યા હતા.

# જામનગરના વિકાસગૃહમાં આશ્રિત ત્રણ બાળકોને મળ્યો પરિવાર



મુખ્ય સમાચાર, જામનગર

જામનગર, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા એકમ જામનગર હેઠળ કાર્યરત કસ્તૂરબા સ્ત્રી વિકાસ ગૃહના ત્રણ બાળકોને રાજકોટના એક અને અમદાવાદના બે દંપતિ દ્વારા દત્તક લેવામાં આવ્યા છે. કલેકટર કચેરી ખાતે કલેક્ટર બી.કે.પંડ્યાની ઉપસ્થિતિમાં બાળકોને તેના દત્તક માતા-પિતાને સોંપવામાં આવ્યા હતા. તેમજ બાળકની તમામ જરૂરીયાતો પૂરી કરવા અને પૂરતી સાર સંભાળ રાખવા કલેક્ટરએ જણાવ્યું હતું.સાથે માતાપિતા બનવા બદલ ત્રણે દંપતીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.ત્રણે બાળકોના દત્તક માતાપિતા અને તેમની સાથે આવેલા પરિવારજનોએ કલેકટર, બાળ સુરક્ષા અધિકારી, બાળ કલ્યાણ સમિતિ તેમજ કસ્તૂરબા સ્ત્રી વિકાસ ગૃહનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ બાળકને દત્તક લીધા બાદની પોતાની ખુશી વ્યક્ત કરી હતી.આ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી આર. જે. શિયાર, બાળ કલ્યાણ સમિતિના ચેરમેન ભાવિનભાઈ ભોજાણી તથા સભ્યો તેમજ કસ્તૂરબા સ્ત્રી વિકાસ ગૃહના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરા નગરપાલિકા વિસ્તારના રૂા.૨૮ કરોડ ૯૫ લાખના વિકાસ કામોનું ધારાસભ્ય તળાવિયા દ્વારા લોકાર્પણ

મુખ્ય સમાચાર, આદીલખાન પઠાણ



**બાબરા:** હાલ સમગ્ર રાજ્યમાં સૌનો સાથ સૌનો વિકાસ સૌનો વિશ્વાસ સાથે ભાજપ સરકાર દ્વારા વિકાસના કામો પૂરગતિથી ચાલી રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં લાઠી બાબરા દામનગર વિધાનસભા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ના વરદ હસ્તે બાબરા નગરપાલિકા વિસ્તારમા કરવામાં આવેલ વિકાસના કામોનું લોકાર્પણ કરવામાં આવનાર છે.જનકભાઈ તળાવીયા ધારાસભ્ય બન્યાને ખૂબ જ ટૂંકો સમય થયેલ હોવા છતાં લાઠી બાબરા દામનગર વિસ્તાર માટે અસંખ્ય વિકાસના કામો મંજૂર કરાવવામાં આવ્યા છે ત્યારે બાબરા નગરપાલિકા હેઠળ આવતા વિસ્તાર માટે બ્લોક પેવિગ રોડના કામો, પીવાના પાણી માટેની પાઇપલાઇનના કામો, સ્લેબ કલવર્ટ ના કામો, બોક્સ કલવર્ટના કામો, કોમ્યુનિટી હોલના કામો, કમ્પાઉન્ડ વોલના કામો, સરદાર સર્કલ રીનોવેશન માટેના કામો, ૬૦૦ મી મી પાઇપ કલવર્ટ ના કામો વગેરે વિકાસના કામી ધારાસભ્ય જનકભાઈ તળાવિયા ના એક વર્ષના કાર્યકાળ દરમિયાન પૂર્ણ કરવામાં આવ્યા છે.ઉપર મુજબના તમામ વિકાસના કામોનું આગામી દિવસોમાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયા ના વરદ હસ્તે નગરપાલિકા વિસ્તારના નગરપાલિકાના હોદેદારો, ભાજપના આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

# નવાગામ પાસે રૂડા ટ્રાન્સપોર્ટનગરમાં આવેલાં ત્રણ ગોડાઉનમાં તસ્કરો ત્રાટકયા

## ચડ્ડી બનીયાનધારી ચાર શખ્સો સીસીટીવી કેમેરામાં કેદ: પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે નવાગામ રૂડા ટ્રાન્સપોર્ટનગરમાં ત્રણ ગોડાઉનના તાળા, બારી તોડી ચડ્ડી બનિયાનધારી ગેંગ ૧,૩૯,૭૦૦ની રોકડ ચોરી જતા પોલીસે ગુનો નોંધી સીસીટીવીમાં કેદ ચાર તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

રાજકોટના સહકાર મેઈન રોડ ઉપર સાધના સોસાયટીમાં રહેતા અને નવાગામ રૂડા ટ્રાન્સ- પોર્ટનગરમાં એમ એમ એન્ટર- પ્રાઈઝ નામે ગોડાઉન ધરાવતા કમલેશભાઈ નાનજીભાઈ વડાલીયા ઉ.પર નામના વેપારીએ કુવાડવા રોડ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગઈકાલે રવિવાર હોય ચાર વાગ્યે ગોડાઉન બંધ કરી ઘરે જતા રહ્યા હતા આજે સવારે આવીને જોતા શટર તૂટેલું જોવા મળતા ચેક કરતા ઓફીસના ટેબલના ખાનામાંથી ૮૦ હજાર ચોરી થઇ ગયા હતા તેમજ હુશેનભાઈ ત્રવાડીના ગુજરાત નટ બોલ્ટ ગોડાઉનનું શટર તોડી ૩૦ હજાર અને કલ્પેશભાઈ પોપટના ગલ્ફ ઓઈલ ગોડાઉનની બારીના સળીયા તોડી રોકડા ૨૯,૫૦૦ ચોરી થઈ ગયાનું જાણવા મળતા તુરંત કંટ્રોલમાં જાણ કરતા કુવાડવા રોડ પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો સીસીટીવી ચેક કરતા સવારે ચારેક વાગ્યે ચાર તસ્કરો ચડ્ડી બનિયાન અને બુકાની પહેરી ચોરી કરતા નજરે પડતા પોલીસે સીસીટીવી આધારે તપાસ હાથ ધરી છે.

# ગોકુલધામ આવાસના કવાર્ટરમાં દાઝી ગયેલા વૃધ્ધાનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોકુલધામ આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા વૃદ્ધા અઠવાડિયા પૂર્વે પોતાના ઘરે દીવાધુપ કરતા હતા તે સમયે અકસ્માતે દાઝી ગયા હતા. ગંભીર રીતે દાજી ગયેલા વૃધ્ધાનું સારવારમાં મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ અંગેની માહિતી મુજબ ગોકુલધામ આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા દક્ષાબેન નીતિનભાઈ તન્ના નામના ૬૨ વર્ષના વૃદ્ધા અઠવાડિયા પૂર્વે પોતાના ઘેર હતા ત્યારે દીવાધૂપ કરતા હતા તે સમયે અકસ્માતે દાઝી ગયા હતા ગંભીર રીતે દાઝી ગયેલા વૃદ્ધાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન હોસ્પિટલના બિછાને દમ તોડતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

પ્રાથમિક પૂછપરછ મૃતક દક્ષાબેન તન્નાને સંતાનમાં એક પુત્રી છે અને કારખાનામાં મજૂરી કામ કરતા હતા દક્ષાબેન તન્ના અઠવાડિયા પૂર્વે તેમના પોતાના ઘરે દીવાધૂપ કરી બાજુમાં ઉભા ઉભા કેલેન્ડરમાં તારીખ જોતા હતા તે સમયે અકસ્માતે પહેરેલ કપડા દીવાની જાળને અડી જતા દાઝી ગયા હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# આવાસના કૌભાંડીઓ સામે આકરી કાર્યવાહીની માંગ કરતુ કોંગ્રેસ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટના ગોકુલ નગર આવાસ યોજનામાં ગેરકાયદેરીતે પરિવારજનોના નામે ૧૦–૧૦ આવાસો મેળવીને ગરીબોને અન્યાય કરનારા બે ભાજપી કોર્પોરેટરો સામે શહેર કોંગ્રેસ મેદાને પડ્યું છે.પ્રદેશ મહામંત્રી મહેશ રાજપૂતની આગેવાનીમાં કોંગ્રેસી આગેવાનોએ મ્યુનિ. કમિશનર આંનદ પટેલને આવેદનપત્ર પાઠવ્યુ હતું. આ કોંગ્રેસી આગેવાનોએ આવાસ કૌભાંડમાં સંડોવાયેલા કોર્પોરેટરોને તુરંત ગેરલાયક ઠેરવવાની માંગ કરી હતી. ઉપરાંત આ કેસની નિષ્પક્ષ તપાસ પોલીસ તંત્ર મારફત કરાવીને કૌભાંડમાં સંડોવાયેલા અધિકારી–કર્મચારીઓને બરતરફ કરીને કાનુની કાર્યવાહી કરવા રજૂઆત કરી હતી. સાથે આ કૌભાંડમાં શાખાના ટેકનિકલ વડા સીટી એન્જીનીયર અલ્પનાબેન મિત્રાની ભૂમિકા પણ હોવાનો આક્ષેપ કરીને તેમની સામે તપાસ યોજવા રજૂઆત કરી હતી. આ રજૂઆતમાં પ્રદેશ કોંગ્રેસના આગેવાન ગાયત્રીબા વાઘેલા, શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, રાજદીપસિંહ જાડેજા, ડો.હેમાંગ વસાવડા, ભાનુબેન સોરાણી સહિતના કોંગ્રેસી આગેવાનો જોડાયા હતા.

# નવાગામના કવાર્ટરમાં દંપતિ વચ્ચે ઝઘડો થતા પુત્રીએ ફીનાઈલ પીધુ

## લાલપરી મફતીયાપરામાં પરિણીતાએ મચ્છર મારવાનું ઓલઆઉટ ગટગટાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલા નવાગામમાં ચાર માળિયા ક્વાર્ટરમાં રહેતા દંપતી વચ્ચે નજીવા પ્રશ્ને ઝઘડો થતાં પુત્રીએ ફીનાઈલ પી લીધું હતું. યુવતીની તબિયત લથડતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગેની માહિતી મુજબ નવાગામ વિસ્તારમાં આવેલા ચાર માળિયા ક્વાર્ટરમાં રહેતી ઈશાબેન ઈરફાનભાઈ ખોખર નામની ૧૮ વર્ષની યુવતી પોતાના ઘરે હતી ત્યારે રાત્રીના સાડા દસેક વાગ્યાના અરસામાં ફિનાઈલ પી લીધું હતું. યુવતીને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં ફીનાઈલ પી લેનાર ઈશાબેન ખોખરના માતા પિતા વચ્ચે નજીવા પ્રશ્ને ઝઘડો થયો હતો. માતા–પિતા વચ્ચે ઝઘડો થતા પુત્રી ઈશા ખોખરને લાગી આવતા ફીનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલા લાલપરી વિસ્તારમાં રહેતી શબનમબેન સદામહુસેન અંસારી નામની ૨૨ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે સાંજના છએક વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણસર મચ્છર મારવાનું ઓલ આઉટ પી લીધું હતું પરિણીતાની તબિયત લથડતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ઉપરોક્ત બંને બનાવ અંગે બી ડિવિઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# લક્ષ્મીનગર મેઈન રોડ પર રિક્ષાની ઠોકરે ચડી જતા વૃધ્ધનું કરૂણ મોત

## ઘરેથી નીકળી બાળકો માટે નાસ્તો લેવા જતી વેળાએ વૃધ્ધને અકસ્માત નડયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લક્ષ્મીનગર મેઇન રોડ ઉપર રીક્ષા ચાલકે રાહદારી વૃદ્ધને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધનું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ લક્ષ્મીનગરમાં રહેતા અરજણભાઈ હમીરભાઈ પરમાર નામના વૃદ્ધ લક્ષ્મીનગર મેઈન રોડ ઉપર ચાલીને જઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા રીક્ષા ચાલકે અરજણભાઈ પરમારને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા અરજણભાઈ પરમારને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર કારગત નીવડે તે પૂર્વે જ અરજણભાઈ પરમારે હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરતા માલવીયાનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી વૃદ્ધના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક અરજણભાઈ પરમાર પાંચ ભાઈ ચાર બહેનમાં વચ્ચેટ હતા અને તેમને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. અરજણભાઈ પરમાર બાળકો માટે નાસ્તો લેવા ગયા હતા ત્યારે અજાણ્યા રીક્ષા ચાલકે ઠોકરે ચડાવતા જીવલેણ અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે માલવીયાનગર પોલીસે નોંધ કરી અકસ્માત સર્જનાર રીક્ષા ચાલક વિરુદ્ધ તપાસ હાથ ધરી છે.

# દીકરીના જન્મને ખુશીથી વધાવવા ‘દીકરી દીપો ભવ’ કાર્યક્રમ યોજાયો

## વુમન્સ ડે નિમિત્તે ઓજસ્વિની ફાઉન્ડેશનનું સ્તુત્ય આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અત્રેની જાણીતી સેવા સંસ્થા ઓજસ્વિની ફાઉન્ડેશન દ્વારા વિશ્વ મહિલાદિન નિમિત્તે પ્રમુખ સ્વામી હોલ ખાતે ન દીકરી દીપો ભવથ નામક કાર્યક્રમનું આયોજન કરાયું હતું જેમાં વિશાળ સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી હતી.



આપણાં સમાજમાં દીકરીના જન્મને ખુશીથી વધાવવા માટે જાગૃતિ ફેલાવવાના ઉદાત્ત હેતુંથી યોજાયેલ આ કાર્યક્રમમાં ઓજસ્વિની ફાઉન્ડેશનનાં પ્રમુખ હેમલ મૌલેશ દવેની અધ્યક્ષતામાં અતિથિ પદે આંકડા અધિકારી ડો,આરતીબેન ઓઝા,ગાયનેક કોર્પોરેટર ડો,દર્શનાબેન પંડ્યા, વુમન એન્ટરપ્રિન્યોર શ્રધ્ધા વ્યાસ પંડ્યા, આકાશવાણીના કાર્યક્રમ અધ્યક્ષ શ્રી હિતેષ માવાણી,નિવૃત્ત આચાર્ય વિ ડી વઘાસીયા ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભે દીપ પ્રાગટ્ય બાદ સંસ્થાના પ્રમુખ હેમલ દવેએ ઓજસ્વિની ફાઉન્ડેસનની વિવિધ પ્રવૃત્તિઓની ઝલક રજૂ કરી હતી.તેમજ દીકરી દીપો ભવ કાર્યક્રમની રુપરેખા સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, વિકસતા ભારતમાં દીકરો દીકરી એકસમાન સુત્ર સાર્થક કરતી દીકરીયો તમાંમ ક્ષેત્રમાં પદાર્પણ કરી રહી છે ત્યારે સમાજમાં દીકરીના જન્મને વધાવવાનો સમય હવે આવી ગયો છે.આ હેતું સાર્થક કરવા એવાં અગિયાર માતા પિતા કે જેમને ફક્ત દિકરી હોય અને એ દીકરીનો માબાપે હોશભેર ઉછેર કરી દીકરીને સમાજને નોંધ લેવી પડે તેવી લાયક બનાવી હોય તેઓનું શિલ્ડ ,પુસ્તક અને તુલસી કુંડુ આપી અદકેરુ સન્માન કરાતાં ભાવવાહી દ્રશ્ય સર્જાયા હતા.

અતિથિ વિશેષ ડો,આરતીબેન ઓઝાએ આ તકે વિશ્વમાં અનેક ક્ષેત્રમાં મહિલાઓના પ્રદાનની જાણ કારી આપી હતી,જયારે હિતેષ માવાણીએ મહિલાઓની સરાહનીય કામગીરી વિશે તેમજ વી ડી વઘાસીયાએ બહેનોના સમાજિક પ્રદાનની વાત કરી કાર્યક્રમના આયોજનને બિરદાવ્યું હતું.

સંસ્થાના ટ્રસ્ટીઓ સુરભીબેન આચાર્ય,કૃતિબેન રાઠોડ, પ્રોજેક્ટ ઇન્ચાર્જ હીનાબેન રાવલની નિશ્રામાં સંસ્થાની બહેનોએ કાર્યક્રમની સફળતા માટે ભારે જહેંમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નમ્રતા શુક્લ તેમજ વૈશાલી પારેખે કર્યુ હતું.

# રાજકોટ જિલ્લામાં જન્મજાત ખામીવાળાં બાળકો અંગે આરોગ્ય વિભાગ દ્વારા ડોર ટુ ડોર સર્વે

## ખામી ધરાવતાં બાળકોની ગંભીર બીમારીનું નિદાન કરી વિનામૂલ્યે સારવાર કરાશેઃ માર્ચ માસની નેશનલ બર્થ ડીફેક્ટ અવેરનેસ માસ તરીકે ઉજવણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત માર્ચ માસની નેશનલ બર્થ ડિફેક્ટ અવેરનેસ માસ તરીકે ઉજવણી થઈ રહી છે. આ સમયે રાજકોટ જિલ્લામાં જન્મજાત ખામીવાળાં બાળકો શોધીને તેમની ગંભીર બીમારીનું નિદાન કરીને સારવાર કરવા અભિયાન શરૂ થયું છે. જે અંતર્ગત આર.બી.એસ.કે.ની ૨૯ ટીમો દ્વારા ઘરે-ઘરે સર્વે કરવામાં આવી રહ્યો છે.




રાજકોટના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવાયું છે કે, ભારત સરકાર દ્વારા બાળ મૃત્યુદર ઘટાડવાના ભાગરૂપે સમગ્ર દેશમાં બાળકનો જન્મ થાય ત્યારથી જ તેની તપાસ કરવામાં આવે છે. આ માટે સમગ્ર ગુજરાતમાં રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ આમલમાં છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં ૨૯ જેટલી આર.બી.એસ.કે. ટીમ કાર્યરત છે. આ ટીમ હાલ જિલ્લામાં પોતાના કાર્યક્ષેત્રમાં નવા જન્મેલા બાળકોવાળા ઘરની મુલાકાત લઈને બાળકમાં કોઈ જન્મજાત ખામી છે કે કેમ? વગેરે અંગે તપાસ કરે છે.

આ સાથે આ સેવાનો વ્યાપ વધે તથા એકપણ બાળક સેવાથી વંચિત ન રહે તે હેતુથી લોકોમાં જાગૃતિ લાવવા માર્ચ-૨૦૨૪ની નેશનલ બર્થ ડીફેક્ટ અવેરનેસ માસ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત જિલ્લામાં ખાસ પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. જેમાં દરેક બર્થ પ્લેસ એટલે કે દરેક ખાનગી કે સરકારી દવાખાનામાં બાળક જન્મે એટલે તેની આર.બી.એસ.કે. ટીમ દ્વારા મુલાકાત લઈ ખામી અંગે તપાસ કરવામાં આવશે. જરૂર પડ્યે બાળકને જિલ્લાકક્ષાની હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે. જો આવા બાળકોને વધુ સારવારની જરૂર હશે તો સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર મારફતે અમદાવાદ ખાતે સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલમાં રીફર કરવામાં આવશે. જ્યાં ગંભીર બીમારીનું નિદાન કરી વિનામૂલ્યે સારવાર આપવામાં આવશે.

આ સાથે જનજાગૃતિ માટે પણ વિવિધ કાર્યક્રમો અને માધ્યમો મારફત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ સાથે આરોગ્ય કર્મચારી દ્વારા લોકોનો સાથ સહકાર મેળવી રેલી પણ યોજવામાં આવશે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આવતા દરેક લાભાર્થીને આ અંગે જાણકારી આપવામાં આવશે.

મહત્વનું છે કે, જન્મજાત ખામી ધરાવતા બાળકને આ કાર્યક્રમ અંતર્ગત આ બધી જ સારવાર વિનામૂલ્યે મળી રહે છે. જો આવા કોઈપણ બાળક ધ્યાનમાં આવે તો તે અંગે સારવાર બાબતની સઘળી જાણકારી માટે આપના ગામના આરોગ્ય કર્મચારી, આશા બહેન કે આંગણવાડીના બહેબનો સંપર્ક કરવા જણાવાયું છે.

### બાળકની તપાસ ક્યાં–ક્યાં થઈ શકે છે?

- તમામ ડિલિવરી પોઈન્ટસ
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો
- સામુહિક આરોગ્ય કેન્દ્રો
- સબ ડિસ્ટ્રિક હોસ્પિટલો
- ડિસ્ટ્રિક હોસ્પિટલો
- મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો
- ખાનગી નર્સિંગ હોમ્સ
- ખાનગી હોસ્પિટલો
- ટ્રસ્ટ હોસ્પિટલો

### કઈ કઈ ખામીની થાય છે તપાસ?

- ન્યુરલ ટ્યૂબ ડિફેક્ટ્
- ક્લેફ્ટ લિપ અને પેલેટ
- ક્લબ ફૂટ
- ડેવલપમેન્ટલ ડિસ્પ્લેસિયા ઓફ હિપ
- જન્મજાત મોતિયો
- જન્મજાત બધિરતા
- જન્મજાત હૃદયના રોગ
- રેટિનોપથી ઓફ પ્રિમેચ્યોરિટી
- ડાઉન સિન્ડ્રોમ
- અન્ય કોઈ નોંધપાત્ર ખામી

# રાજકોટ લોકસભાના ભાજપી ઉમેદવાર પરષોત્તમ રૂપાલાનું કસ્તુરબા ધામ (ત્રંબા) ખાતે અભિવાદન કરાયું

## રોડ–શોમાં અભૂતપૂર્વ મેદની ઉમટી પડીઃ રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરની આગેવાનીમાં રૂપાલાને ફુલડે ફુલડે વધાવતા ત્રંબાના ગ્રામજનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભાના ઉમેદવાર બન્યા બાદ પ્રથમવાર કસ્તુરબા ધામ (ત્રંબા) ખાતે પધારેલ પરષોત્તમભાઈ રૂપાલાનું ભવ્યાતિભવ્ય અભિવાદન કરાયું હતું. રોડ-શોમાં અભૂતપૂર્વ મેદની ઉમટી પડી હતી. ત્યારે રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરની એક અખબારી યાદીમાં જણાવાયું છે કે કેન્દ્રીય મંત્રી અને લોકસભા ચુંટણીના ભારતીય જનતા પાર્ટીના રાજકોટ લોકસભાના ઉમેદવાર પરષોતમભાઈ રૂપાલા પ્રથમ વખત કસ્તુરબા ધામ (ત્રંબા) જિલ્લા પંચાયત સીટ ખાતે પધારેલ હોય તેમનું ભવ્ય અભિવાદન કરવામાં આવેલ તેમજ પુરષોતમભાઈ રૂપાલા ધ્વારા ભવ્ય રોડ-શો યોજવામાં આવેલ.



આ કાર્યક્રમનો પ્રારંભ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટય કરી કરવામાં આવેલ હતો. આ તકે જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા પંચાયતના પ્રમુખ પ્રવીણાબેન રંગાણી, જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદર, જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા ધ્વારા પરષોતમભાઈ રૂપાલાનું સ્વાગત કરવામાં આવેલ. આ તકે પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ ભરતભાઈ બોઘરા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ડેરીના ચેરમેન ગોરધનભાઈ ધામેલીયા, જીલ્લા ભાજપ મહીલા મોરચાના મહામંત્રી વર્ષાબેન ખુંટ પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, અરવીદ રૈયાણી, જીલ્લા પંચાયતના પ્રતિનિધિ સંજયભાઈ રંગાણી, તાલુકા પંચાયતના ચેતનભાઈ કથીરીયા, રાધીકા સ્કુલ એન્ડ હોસ્ટેલના ભરતભાઈ ઢોલરીયા સહીતના ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે કસ્તુરબાધામ (ત્રંબા)ના સરપંચ, સ્થાનીક આગેવાનો, કાળીપાટ તાલુકા પંચાયત સીટના ભરતભાઈ મકવાણા, લાપાસરી, કાળીપાટ, ખોખળદડ, લોઠડા, ભાષાસરના સરપંચ, ગઢકા તાલુકા પંચાયતના કિશનભાઈ બથવાર, હડમતીયા, ગોલીડા, રફાળા, ફાળદંગ, દેરોઈના સરપંચ, તેમજ વલ્લભભાઈ મકવાણા, ભાવેશભાઈ ત્રાપસીયા, સહીતના આગેવાનો ધ્વારા પરષોતમભાઈ રૂપાલાનુ સન્માન કરવામાં આવેલ. તેમજ વિવિધ સમાજના પટેલ સમાજ, કોળી સમાજ, ભરવાડ સમાજ, ક્ષત્રીય સમાજ, સરદાર યુવા ગ્રુપ બેડલા ધ્વારા પરષોમતભાઈ રૂપાલાનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ.

આ તકે સ્વાગત પ્રવચન ભૂપતભાઈ બોદરએ કરેલ. તેમજ પ્રાશંગિક ઉદબોધન અલ્પેશ ઢોલરીયા, ડો.ભરતભાઈ બોઘરા તેમજ પરષોતમભાઈ રૂપાલાએ કરેલ. તેમજ અંતમાં આભારવિધિ કેયુર ઢોલરીયાએ કરેલ.

# જસદણના વાજસુરપરા વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની ખુલ્લી ગટર કચરો ભરાવાથી ખદબદી ઉઠી

## ગંદકીના લીધે સમગ્ર વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળતા રહીશોમાં ભારે નારાજગીઃ ચિકનગુનિયા, તાવ–શરદી–ઉધરસ, ગાલ પચોળ્યા સહિતનો રોગચાળો વકર્યો છતાં પાલિકા તંત્ર ફરકતું પણ નથી!

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણ શહેરના વોર્ડ નં.૨ માં આવેલ વાજસુરપરા વિસ્તારમાં મેઈન રોડથી ભાદર નદી સુધીની વરસાદી પાણીના નિકાલની ખુલ્લી ગટર છેલ્લા ઘણા સમયથી કાદવ કિચડથી ખબદબી રહી છે. જેના કારણે આખા વિસ્તારમાં મોટાભાગના ઘરોમાં રોગચાળો ફાટી નીકળ્યો છે. જેમાં ચિકનગુનિયા, તાવ-શરદી-ઉધરસ, ગાલ પચોળા સહિતનો રોગચાળો ફાટી નીકળતા રહીશોમાં સ્થાનિક નગરપાલિકા તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે. જો કે આ સમસ્યા અંગે વોર્ડ નં.૨ ના પૂર્વ કારોબારી ચેરમેન બીજલભાઈ ભેંસજાળીયા દ્વારા અનેકવાર પાલિકામાં રજૂઆતો કરવામાં આવી છે. છતાં પાલિકાના જવાબદારો આ ખુલ્લી ગટરની સફાઈ કામગીરી કરવા માટે નહી ફરકતા વિસ્તારવાસીઓ ભારે મુંજવણમાં મુકાઈ ગયા છે. જેથી જસદણના વાજસુરપરા વિસ્તારમાં ભયંકર રોગચાળો ફાટી નીકળે તે પૂર્વે આ ખુલ્લી ગટરની સાફ-સફાઈ કામગીરી કરાવવી અથવા તેને ઢાંકવાની કામગીરી હાથ ધરવામાં આવે તેવી વિસ્તારવાસીઓની પ્રબળ માંગ ઉઠવા પામી છે.



આ ગટરના લીધે અનેક વિસ્તારોમાં ઘરે-ઘરે માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે: બીજલભાઈ ભેંસજાળીયા-વોર્ડ નં.૨ ના પૂર્વ કારોબારી ચેરમેન.

આ વરસાદી પાણીના નિકાલની ખુલ્લી ગટર છેલ્લા ઘણા સમયથી ગંદકીથી ખદબદી ઉઠતા દલસુખકુઈની આજુબાજુનો વિસ્તાર, વાજસુરપરા વિસ્તાર, મફતિયાપરા વિસ્તાર અને નવહથ્થા પીરની દરગાહ પાસેના વિસ્તારમાં ચિકનગુનિયા, તાવ-શરદી-ઉધરસ, ગાલ પચોળા સહિતનો રોગચાળો ફાટી નીકળ્યો છે. જો કે આ ખુલ્લી ગટર પ્રશ્ને પાલિકાના જવાબદારોને અનેકવાર રજૂઆતો પણ કરવામાં આવેલ છે. છતાં હજી સુધી આ ગંદકીની સમસ્યા હલ કરી શક્યા નથી. જેથી આ તમામ વિસ્તારોમાં ભયંકર રોગચાળો ફાટી નીકળે તે પૂર્વે પાલિકા દ્વારા આ ખુલ્લી ગટરની યોગ્ય સફાઈ કામગીરી કરાવવી અથવા આ ગટરને ઢાંકવાની કામગીરી કરવામાં આવે તેવી અમારી માંગણી છે. તેનો સર્વે પણ થઈ ગયો છે અને વહેલી તકે આગળની કામગીરી હાથ ધરાશે: સી.ડી.પટેલ-મ્યુનીસીપલ ઈજનેર,પાલિકા.

વિસ્તારવાસીઓની રજૂઆતને તાત્કાલિક ધ્યાને લઈને તે ગટરનો સર્વે કરાવી આપેલ છે અને એસ્ટીમેન્ટની પ્રક્રિયા હાલ ચાલુ છે. વહેલી તકે ઠરાવ કરી ગ્રાન્ટની ફાળવણી કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટમાં નવનિર્મિત જનાના હોસ્પિટલમાં ખાટલે મોટી ખોટ: એકપણ એમ્બ્યુલન્સ ન હોવાનો આક્ષેપ

## હોસ્પિટલના તંત્રવાહકો અને ખાનગી એમ્બ્યુલન્સના સંચાલકોની સાંઠગાંઠની બૂ!: દર્દીઓના સગા લૂંટાવા મજબૂર બનતા હોવાની રાવ






**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રૂપિયા ૧૧૮ કરોડના ખર્ચે નિર્માણ પામેલી ઝનાના હોસ્પિટલનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લોકાર્પણ થયા બાદ હાલમાં હોસ્પિટલ ફુલફલેન્જમાં કાર્યરત થઇ છે પરંતુ હોસ્પિટલની સૌથી અગત્યની જરૂરિયાત ગણાતી એમ્બ્યુલન્સ સેવા જ હાલમાં ઉપલબ્ધ ન હોવાનું સામે આવ્યું છે.

નાની કે મોટી કોઈપણ હોસ્પિટલ માટે એમ્બ્યુલન્સ સેવા એક અગત્યનું પાસું અને અગત્યની જરૂરિયાત હોવા છતાં રાજકોટમાં રૂપિયા ૧૧૮ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ઝનાના હોસ્પિટલમાં એક પણ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી નથી, હાલમાં ઝનાના હોસ્પિટલથી સિવિલમાં અને સિવિલ હોસ્પિટલથી ઝનાના હોસ્પિટલ સુધી દર્દીઓને લાવવા લઈ જવા માટે દાતાઓએ આપેલ ઈ-રીક્ષાનો ઉપયોગ કરવા આવી રહ્યો છે. અત્યરના સમયે સિવિલમાં જો કોઈ દર્દીને એમ્બ્યુલન્સની જરૂરત પડે તો ફરજીયાત ખાનગી એમ્બ્યુલન્સનો સહારો લેવો પડે છે.

ઉલ્લેખનીય છે કે, ઝનાના હોસ્પિટલમાં એકપણ એમ્બ્યુલન્સ નહિ ફાળવવામા આવતા દર્દીઓ માટે બે ઈ રીક્ષા ક્રમ એમ્બ્યુલન્સ આપવામાં આવી છે પરંતુ આવી ઈ-રીક્ષા પલ્ટી જવાની બીક લગતી હોય એમ્બ્યુલન્સ ચાલકો તંત્રની લાપરવાહ નીતિથી થાક્યા હોવાનું અને કોરોના સમયે રાજકોટ સીવીલને દાતાઓ તરફથી મળેલી ઈ રીક્ષાઓ પણ હાલમાં પીએમ એસસેસવાય બિલ્ડિંગના સેલરમાં ધૂળ ખાતી હાલતમાં પડી હોવાનું જાણવા મળી રહ્યું છે.

# બેડી ગામ પાસેથી એમડી ડ્રગ્સ સાથે નામચીન મહિલા સુધા સહિત ચાર પેડલર ઝડપાયા

## એસઓજીની ટીમે રિક્ષામાં ડિલિવરી આપવા નિકળેલા શખ્સોને દબોચી લઈ રૂ.૧.૨૬ લાખનો મુદામાલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટમાં ડ્રગ્સ વેંચવાના ગુનામાં અનેક્વાર પોલીસ ચોપડે ચડી ચૂકેલી રૈયાધારના ક્વાર્ટરમાં રહેતી નામચીન ડ્રગ્સ પેડલર મહિલા અને તેના પુત્ર સહિત ચાર શખ્સોને એસઓજીની ટીમે મોરબી રોડ પર બેડી ગામ પાસેથી દબોચી લઈ રૂ.૧.૨૬ લાખનો મુદામાલ કબજે કર્યો છે.



આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં યુવાધનને નશાના રવાળે ચડાવતા ડ્રગ્સના સોદાગરોને ઝડપી લેવાની સૂચનાના પગલે એસઓજીના પીઆઈ જે.એમ.કૈલાની સૂચનાથી પીએસઆઈ એમ.બી.માજીરાણા, એએસઆઈ ધર્મેશભાઈ ખેર, હેડ કોન્સ.ઈન્દ્રસિંહ, દિગ્વિજયસિંહ, ફિરોજભાઈ, અરૂણભાઈ, હાર્દિકસિંહ અને મહિલા કોન્સ.નાજમિનબેન સહિતનો સ્ટાફ રાજકોટ મોરબી હાઈવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે રૈયાધાર બાર માળિયા ક્વાર્ટરમાં રહેતી કુખ્યાત મહિલા સુધા સનિલ ધામેલિયા સહિતના શખ્સો રિક્ષામાં બેડી ગામ તરફ માદકપદાર્થ મેફેડ્રોન(એમડી)ની ડિલિવરી આપવા આવવાની હોવાની હકીક્તના આધારે એસઓજીની ટીમે વોચ ગોઠવી હતી. તે દરમિયાન બેડી ગામ પાસે રિક્ષામાં આ કુખ્યાત મહિલા સુધા સુનિલ ધામેલિયા તેનો પુત્ર મયુર સુનિલ ધામેલિયા, રિક્ષા ચાલક સચીન પ્રવિણ વોરા તથા ધર્મેશ પરેશ ડાભી નિકળતા પોલીસે ચારેયને દબોચી લઈ તલાસી લેતા તેની પાસેથી ૬.૪૬ ગ્રામ એમડી કિંમત રૂ.૬૪૬૦૦નો જથ્થો મળી આવતા પોલીસે ચાર મોબાઈલ, રિક્ષા અને રોકડ સહિત કુલ રૂ.૧.૨૬ લાખનો મુદામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મોરબીના વાવડી રોડ પરથી અંગ્રેજી દારૂની બે બોટલ સાથે બુટલેગરની ધરપકડ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વાવડી રોડ ખાતે આવેલ કપિલ હનુમાનજી મંદિર નજીકથી વિદેશી દારૂની બે બોટલ સાથે એક ઈસમને ઝડપી લઇ તેના વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે. મોરબી સીટી એ ડિવિઝન સ્ટાફ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન વાવડી રોડ ઉપર એક ઈસમ શંકાસ્પદ હાલતમાં પ્લાસ્ટિકની થેલી લઈને ઉભેલ હોય જેથી તેને ચેક કરતા પ્લાસ્ટિકની થેલીમાંથી વિદેશી દારૂની ઓલ સેસન્સ ગોલ્ડ વ્હિસ્કીની બે નંગ બોટલ મળી આવી હતી. આ સાથે જ આરોપી મુનવર અનવરભાઈ મીનીવાડીયા ઉવ.૪૦ રહે.ઘાંચી શેરી ફારુકી મસ્જીદની બાજુમાંની અટક કરી તેની વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# બેડી વાછકપર ગામે યુવાનનો ઝેરી દવા પી આપઘાત

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટના બેડી વાછકપર ગામે રહેતા રામજીભાઈનીએ વાડીએ ખેતીકામ કરતો વિપુલ પગલેભાઈ વસુનિયા (ઉ.વ.૧૮)નામના યુવાને ગઈકાલે સાંજે વાડીએ હતો ત્યારે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા બેભાન હાલતમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા તબીબોએ જોઈ તપાસી મૃતક જાહેર કર્યો હતો. બનાવ અંગેની જાણ કુવાડવા રોડ પોલીસમાં કરવામાં આવતા હેડ કોન્સ.એમ.એલ.ઝાલા સહિતનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી છે.

# હેવાન બનેલાં પિતાએ દોઢ વર્ષના બાળકનો ઘા કરી મોતને ઘાટ ઊતાર્યો!

## હળવદના ટીકર ગામે રણની ઢસીએ બનેલા બનાવમાં પત્ની સાથે ઝઘડો થતા પતિ બાળકને લઈ ભાગ્યા બાદ આચર્યુ કૃત્ય

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ તાલુકાના ટીકર રણની હસી વિસ્તારમાં પતિ પત્ની વચ્ચે ઝઘડો થતાં આ ઝઘડામાં પિતાએ દોઢ વર્ષના બાળકનો ઘા કરી દેતા મોત નીપજયું હતું. આ બનાવના પગલે હાલ પોલીસ દ્વારા મૃતક બાળકની લાશને પીએમ માટે હળવદ સરકારી હોસ્પિટલ ખાતે લઈ જઈ પ્રાથમિક તપાસ હાથ ધરી છે. બનાવની જાણવા મળતી

આ અંગેની માહિતી મુજબ હળવદ તાલુકાના ટીકર રણની ઢસી વિસ્તારમાં રહેતા અસગરભાઈ અને તેમના ધર્મપત્ની અમીનાબેન વચ્ચે બોલા ચાલી થઈ હતી. ભોલા ચાલી બાદ અમીનાબેનના હાથમાં રહેલ દોઢ વર્ષનું બાળક લઈને અસગરભાઈ ભાવ્યો હતો અને બાળકનો ઘા કરતા બાળકનું મોત નીપજતા અરેરાટી વ્યાપી જવા પામી હતી. હાલમાં બનાવના પગલે હળવદ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ છે અને બાળકને પીએમ માટે હોસ્પિટલ ખસેડી બનાવની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.



# રાજ્ય સરકારે ત્રણ કેદીઓની સજા માફ કરી: એક કેદી પેરોલ પર હોવાથી હાજર થયા બાદ મુકત કરાશે

## રાજકોટ જિલ્લા જેલમાં ૧૪ વર્ષથી સજા ભોગવતા બે કેદીઓને તંત્ર દ્વારા મુકત કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યભરની વિવિધ જેલમાં વિવિધ ગુનાઓમાં સજા ભોગવતા કેદીઓને રાજ્ય સરકારના ગૃહ વિભાગમાંથી સજામાફીનો લાભ આપવામાં આવતો હોય છે તે અંતર્ગત રાજકોટ જેલમાં છેલ્લા ૧૪ વર્ષથી વધુ સમયથી બંદીવાન ત્રણ કેદીઓને જેલમુક્તિનો લાભ મળ્યો છે જેમાં એક આરોપી પેરોલ રજા ઉપર હોય તે આજે હાજર થયા બાદ તેને મુક્ત કરવામાં આવશે.



રાજકોટ જીલ્લા જેલ અધિક્ષક શિવમ વર્માની એક યાદીમાં જણાવાયું છે કે રાજકોટ જેલમાં ૧૪ વર્ષ કે તેથી વધુ સમયથી સજા ભોગવતા કેદીઓની યાદી તૈયાર કરી કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાતી કમિટીની મીટીંગમાં થતી દરખાસ્ત સરકારમાં મોકલવામાં આવે છે જે અંતર્ગત રાજકોટ જેલમાં છેલ્લા ૧૪ વર્ષથી વધુ સમયથી હત્યા સહિતના ગુનાઓમાં સજા ભોગવતા ત્રણ આજીવન કેદના આરોપીને ગૃહ વિભાગના હુકમથી સીઆરપીસી કલમ ૪૩૨ હેઠળ સજામાફીનો લાભ આપવામાં આવ્યો છે જે હુકમ અંતર્ગત વેરાવળ એડીશનલ સેસન્સ કોર્ટએ કરશનભાઈ પુંજાભાઈ કોડીયાતર ૩૧ જુલાઈ ૨૦૧૩ના આજીવન કેદની સજા ફરમાવી હતી જયારે ભુજ એડીશનલ સેસન્સ કોર્ટએ ૩૧ માર્ચ ૨૦૧૧ના પ્રદ્યુમનસિંહ રણજીતસિહ જાડેજાને આજીવન કેદની સજાનો હુકમ કર્યો હતો તેમજ વિનોદ બાબુભાઈ ડાભી આ ત્રણેય કેદીઓને જેલમુક્તિ આપવામાં આવી છે.

પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે ગુનો કરવો નહિ ગુનો કરવો એ મહાપાપ છે બહારનીકળીને હું ખેતીકામ કરીશ અને સમાજસેવાનું કાર્ય કરીશ જયારે કરશનભાઈએ જણાવ્યું હતું કે પોતાની ઉંમર થઈ ગઈ હોય પૂત્રને કામમાં મદદરૂપ થઈશ જયારે વિનોદભાઈ હાલ પેરોલ રજા ઉપર હોય તે આજે જેલમાં હાજર થયા બાદ તેમની જેલ મુક્તિની કાર્યવાહી કરવામાં આવશે તમામ કેદીઓએ જેલ અધિક્ષક અને ગૃહ વિભાગનો આભાર માન્યો હતો.

# દિલ્હીથી ટ્રાન્સપોર્ટમાં આવેલા પાર્સલને ભેજાબાજ શખ્સ ડુપ્લીકેટ રસીદ બનાવી છોડાવી ગયો!

## પુનીતનગરના ટ્રાન્સપોર્ટ સંચાલકે નોંધાવી રૂા.૩.૭૦ લાખની ઠગાઈની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા કોલોની કવાર્ટરમાં રહેતા અને પુનિતનગર પાસે ટ્રાન્સપોર્ટ ચલાવતા દર્શનભાઈ જયકીશનભાઈ બાલાની શ્રી ટ્રાન્સપોર્ટ કંપનીમાં દિલ્હીથી આવેલ ચૂલાના પાર્ટસનું રૂ.૩.૭૦ લાખનું પાર્સલ રીન્કુ દવે નામનો શખ્સ ડુપ્લિકેટ રસીદ બનાવી છોડાવી જતાં આ અંગે છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ જે.કે. હાઉસ મકાન, વિકાસ ડેરીની પાછળ ૮૦,ફુટ રોડ કોઠારીયા કોલોની કવાર્ટર નં. ૪૩૨માં રહેતા અને ગોંડલ રોડ, પુનીતનગરના પાણીના ટાંકા પાસે, કલ્યાણ સ્ટીલ વાળી શેરીમાં ગીરનાર ટ્રાન્સપોર્ટની સામે શ્રી ટ્રાન્સપોર્ટ કંપની ચલાવતા ટ્રાન્સપોર્ટર દર્શનભાઈ જયકીશનભાઈ બાલાએ નોંધાવેલી ફરિયાદમાં રીન્કુભાઇ દવેનું નામ આપ્યું છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ દિલ્હીથી ગેસના ચૂલાના પાર્ટસનું પાર્સલ શ્રી ટ્રાન્સપોર્ટ મારફતે ડી.કે. ટેકનોકાસ્ટ રાજકોટના નામે આવ્યું હતું. દિલ્હીથી સુપર એલ.પી.જી. એપ્લાયન્સીઝ પ્રા.લી. નામની કંપની દ્વારા મોકલવામાં આવેલ માલની એલ.આર. (રસીદ) કોપી દર્શનભાઈના શ્રી ટ્રાન્સપોર્ટ કંપનીના મોબાઇલ નંબરમાં વ્હોટસએપ કરી રીન્કુ દવેએ ટ્રાન્સપોર્ટ કંપનીના ડીલેવરી મેનને વિશ્વાસમાં લઈ ગેસના ચુલાના સ્પેર પાર્ટસ જેની કી.રૂ. ૩,૭૦,૫૧૪ ની ડી.કે. ટેકનોકાસ્ટના માણસ તરીકે ખોટી રીતે ડીલેવરી મેળવી લઈ ગયો હતો. આ બાબતે દર્શનભાઈએ રીન્કુને પાર્સલ પરત આપવા ફોન કર્યો પણ પાર્સલ પરત નહીં આપતા અંતે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

# રાજકોટ કલેકટરની અધ્યક્ષતામાં લેન્ડ ગ્રેબિંગ કમિટીની આજે બેઠક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે આજે બપોરના લેન્ડગ્રેબીંગ કમિટીની બેઠક યોજવામાં આવી છે. કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને યોજાનાર આ બેઠકમાં ૮૦થી વધુ કેસો સુનાવણી માટે મુકવામાં આવશે.

રાજકોટ શહેર જીલ્લામાં સરકારી તેમજ ખાનગી જમીનો પર દબાણો કરનારા તેમજ પારકી મિલ્કતો હડપ કરનારાઓ સામે કાયદાનો શિકંજો કસી જમીન કૌભાંડિયા તત્વો સામે પગલાં ભરવા ગુજરાત જમીન પચાવી પાડવાના પ્રતિબંધ કાયદા અન્વયે જીલ્લા કલેક્ટર કચેરી ખાતે લેન્ડગ્રેબીંગની અરજીઓ સ્વીકારવા માટે અલગથી ખાસ સેલ કાર્યરત કરવામાં આવેલ છે. છેલ્લા ઘણા સમયથી લેન્ડગ્રેબીંગની અરજીઓની સંખ્યામાં ઉત્તરોતર વધારો નોંધાઈ રહ્યો છે. ચાલુ માસમાં કમિટી સમક્ષ ૮૦ જેટલા કેસ મુકવામાં આવનાર હોવાનું જાણવા મળે છે આ બેઠકમાં પોલીસ અધિકારીઓ, પ્રાંત અધિકારીઓ, ડેપ્યુટી કલેકટર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

# ગોંડલની ભુણાવા ચોકડી પાસે વાહનની ઠોકરે નેપાળી મહિલાનું મોત

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ નેશનલ હાઈવે ભુણાવા ચોકડી પર અજાણ્યા વાહન ચાલકે મહિલાને હડફેટ લેતા તેનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતુ. પ્રાપ્ત વિગત મુજબ ભુણાવા ચોકડી પર વહેલી સવારે ગોંડલ સ્ટેશન પ્લોટ માં રહેતા નેપાળી હેમાબેન ભકતબહાદુર સોનાર ઉ.૫૦ પસાર થઈ રહ્યા હતા.ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે હડફેટ લેતા ગંભીર ઈજાઓ ને કારણે તેનું ઘટના

સ્થળે મોત નિપજ્યું હતુ. પોલીસ



સુત્રો અનુસાર હેમાબેન મુળ નેપાળનાં હતા.અને ઘણા વરસો થી ગોંડલ રહેતા હતા.તેમના પતિનું આઠ વર્ષ પહેલાં મૃત્યુ નિપજ્યું હતુ.તેમના પુત્ર સાથે સ્ટેશન પ્લોટ માં રહેતા હતા.પુત્ર ખાણીપીણી ની રેકડી માં કામ કરે છે. સુત્રો અનુસાર થોડા વર્ષ પહેલા હેમાબેનનાં અન્ય પુત્ર નુ મૃત્યુ થયુ હોય ત્યાર થી માનશીક રીતે અસ્વસ્થ રહેતા હતા. અકસ્માતનાં બનાવની આગલી સાંજે હેમાબેન ઘરેથી નીકળી ગયા હતા. બનાવ અંગે તાલુકા પોલીસ નાં મયુરસિંહ રાણા તપાસ ચલાવી રહ્યા છે.

# કોડીનારના ડોળાસા ગામે બેંકના કર્મચારીએ ઝેરી દવા પી આપઘાત કરી લેતા અરેરાટી

**મુખ્ય સમાચાર, ઊના**

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે રહેતા સોનપરા બેંક ઓફ બરોડા ના કર્મચારી એ અગમ્ય કારણસર ઝેરી દવા પી આપઘાત કરી લેતા અરેરાટી ફેલાઈ છે.



આ અંગેની માહિતી મુજબ મૂળ છત્તીસગઢ ના અરવિદ કુમાર શહું (ઉ.વ.૪૮) કોડીનાર તાલુકાના ડોળાસા ગામે માનસિહભાઈ રાઠોડ ના ચીખલી રોડ પર આવેલ મકાન માં ભાડે રહેતા હતા.તેઓ ડોળાસા નજીક ના સોનપરા ગામે નવી શરૂ થયેલી બેંક ઓફ બરોડા શાખા ના કર્મચારી હતા.આ અગાઉ તેઓ એ આલીદર ગામ ની શાખા માં પણ ફરજ બજાવી હતી.

તા.૧૧ના સવાર ના દસ વાગ્યા સુધી દરવાજો નહિ ખોલતા આડોશી પાડોશી ઓ એ તેઓ ને અવાજ કર્યા હતા.પણ કોઈ પ્રત્યુતર નહિ મળતાં ડોળાસા ગ્રામ પંચાયત ના ઉપ સરપંચ સુભાષભાઈ મોરી ને જાણ કરતા તેઓ ટીમ સાથે ઘટના સ્થળે આવ્યા હતા.અને બારી ખોલી તપાસ કરતા અરવિદભાઈ શાહુ શંકાસ્પદ હાલત માં પથારીમાં સૂતા હતા.અને ઝેરી દવા ની પણ વાસ આવતી હોય અઘટિત બની ગયા ની શંકા લાગતા કોડીનાર પોલીસ ને જાણ કરવામાં આવતા કોડીનાર વેલણ બીટ પોલીસ ઘટના સ્થળે પહોંચી દરવાજો ખોલી તપાસ કરતા અરવિદ કુમાર શાહુ મૃત હાલત માં મળ્યા હતા. કોડીનાર પોલીસે પંચનામુ કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.ક્યાં કારણ થી અરવિદભાઈ શાહુ એ આ અંતિમ પગલું ભર્યું છે? તેની પોલીસ દ્વારા તપાસ હાથ ધરાઈ છે.કોડીનાર પોલીસે લાશ નો કબ્જો મેળવી પીએમ માટે લાશને સરકારી હોસ્પિટલમાં ખસેડી છે.

# વિવેકાનંદનગરના શખ્સે પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી અનેકવાર આચર્યુ દુષ્કર્મ

## પાડોશી શખ્સે લગ્ન કરવા પરિણીતાને ઘર છોડાવી બાદમાં તરછોડી દેતા મામલો પોલીસ મથકે પહોંચ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી હવસનો શિકાર બનાવી ઘર છોડી તેણી નીકળી જતા આરોપીએ ફોન બંધ કરી દેતા અંતે મામલો પોલીસ સ્ટેશને પહોચ્યો છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં રહેતી અને ફીઝીયોથેરાપીસ્ટની કસરત કરાવવાનું કામ કરતી પરિણીતાએ વિવેકાનંદનગરમાં રહેતા યોગેશ જીવરાજભાઈ જાની સામે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે છેલ્લા ૧૫ વર્ષથી પતિ સાથે રહે છે તેને આગલા ઘરની દીકરી છે લોકડાઉન વખતે અમે ફેરા ફરી લગ્ન કર્યા હતા

એકાદ વર્ષ પહેલા આરોપી નજીકમાં રહેતો હોય સંપર્ક થતા નંબરની આપલે કરી વાતચીત કરતા હતા અને એક વખત બેકરીએ મળ્યા હતા પતિ ડ્રાયવીંગ કામ કરતા હોય બહારગામ જતા આરોપીએ ઘરે આવી શરીર સંબંધ બાંધ્યો હતો મારા જન્મદિવસે મને કેક લઈ દીધી હતી ૨૦૨૪માં મને કારમાં સાળંગપુર લઈ ગયો હતો અને ત્યાં કારમાં જ શરીર સંબંધ બાંધ્યો હતો બાદમાં અવારનવાર ઘરે મળતા અને શરીર સંબંધ બાંધતો તો ચારેક માસ પૂર્વે મને દ્વારકા લઈ ગયો હતો અને ત્યાં હોટલમાં શરીર સંબંધ બાંધ્યો હતો વીસેક દિવસ પૂર્વે પતિને દાખલ કરતા ત્યાં આરોપીએ આવી ઘરે આવવાનું કહી બે ત્રણ ફડાકા મારી દીધા હતા હું ત્યાં ગઈ હતી ત્યારે પતિને રજા આપી દેતા તે ઘરે આવી ગયા હોય ક્યાં ગઈ હતી તેમ પૂછતાં મેં આરોપીને ફોન કરતા તેણે ઘરેથી નીકળી જા આપણે લગ્ન કરી લઈશું તેમ કહેતા હું દીકરી સાથે જુનાગઢ જતી રહી હતી અને ભાડે મકાન રાખ્યું હતું ત્યારે મારો પતિ મોબાઈલ લઈને જતો રહ્યો હોય યોગેશને ફોન કરતા તેણે રાજકોટ આવવા કહેતા મેં રાજકોટ આવતા તેણે ફોન અને સીમકાર્ડ લઇ દીધુંહતુ બાદ તેનો ફોન બંધ આવતો હોય અંતે ફરિયાદ નોંધાવતા પીઆઈ સરવૈયા, રાઈટર નીલેશભાઈ સહિતેતપાસ હાથ ધરી છે.

# સોમનાથથી દર્શન કરી પરત આવેલાં આનંદનગરના યુવાનનું બેભાન હાલતમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભક્તિનગર સર્કલ પાસે આવેલ આંદનનગર કોલોનીમાં રહેતો ત્યાં રહેતો યુવાન રાત્રે મિત્રો સાથે સોમનાથથી પરત આવીને ઘરે સૂઇ ગયા બાદ સવારે મોંડે સુધી ન જાગતા પરીવાર દ્વારા જોતા બેભાન હાલતમાં જોવા મળેલ. તાકીંદે ૧૦૮ જાણ કરતાં ૧૦૮ ના તબીબી સટફે યુવકને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતાં ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો.



આ અંગેની માહિતી મુજબ યોગરાજ અને તેનો . ધંધાકીય ધંધાકીય ભાગીદાર ભૂ હાર્દિક બંને બાઇક લઈને સોમનાથ મંદિરે દર્શન કરવા ગયા હતા. તેઓ બને મોડી રાત્રે ઘરે આવ્યા બાદ રાત્રે પરીવાર સાથે બેસીને યોગરાજ તેના રૂમમાં સુવા માટે ચાલ્યો ગયો હતો. સવારે મોંડે સુધી તે રૂમ માથી બહાર ન આવતા પરિવારના સભ્યો દ્વારા તપાસતા તે પથારીમાં બેભાન હાલતમાં પડેલા જોવા મળ્યો હતો. પોલીસે પરિવારના સભ્યોનું નિવેદન નોંધી યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. વધુમાં પરિવારના સભ્યો દ્વારા જાણવા મળ્યું હતુ કે, યુવકનું મોત હાર્ટ એટેકથી થયું છે. યુવકને ભક્તિનગર સર્કલ પાસે યોગી નામથી કમ્પ્યુટરનો શોરૂમ છે. પરિવારના આધારસ્તંભ સમાન દીકરાના મોતના સમાચારથી પરિવારમાં માતમ છવાયો હતો.

# બિલખાનો શખ્સ જેતપુરમાં રૂા.૧.૧૨ લાખના ગાંજા સાથે ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુર નજીક પોલીસે દરોડો પાડી જુનાગઢના બિલખાના મહેશ હરેશભાઈ સોલંકીને રૂ.૧.૧૨ લાખની કિંમતના ૧૧ કિલો અને ૨૫૬ ગ્રામ ગાંજા સાથે ઝડપી લીધો હતો. મહેશ આ ગાંજો કપાંથી લાવ્યો ? કોને આપવાનો કે વેચવાનો હતો ? તે અંગે વધુ તપાસ શરૂ કરી છે. જેતપુર પોલીસને મળેલી બાતમીને આધારે વોચ ગોઠવી હતી પોલીસે બાઈક પર નીકળેલા મયુરને અટકાવવા પ્રયત્ન કર્યો હતો પરંતુ તેણે



બાઇક ખીરસરા રોડ પર પુરપાટ ઝડપે હંકારી મુકયુ હતું. પોલીસે ફિલ્મીઢબે પીછો કરી બિલખાના માંદનપરાના મહેશ ઉર્ફે મયુર હરેશભાઈ સોલંકીને ઝડપી લીધો હતો. તેની પાસેથી રૂા.૧,૧૨,૫૬૦ની કિંમતનો ૧૧ કિલો ૨૫૬ ગ્રામ ગાંજો, મોબાઈલ ફોન, બાઈક મળી રૂા. ૧.૩૨ લાખનો મુદ્દામાલ કબજે કરી ગાંજો કયાંથી અને કોની પાસેથી લાવ્યો ? કોને સપ્લાય કરવાનો હતો ? તે અંગે વધુ તપાસ પીએસઆઈ કે.એસ.ગરચરે હાથ ધરી છે.